પંડિત ભાતખંડેજીએ બી. એ. તથા એલએલ.બીની પરીક્ષાઓ પાસ કરીને ઈ.સ. 1887માં મુંબઈમાં વકીલાત શરૂ કરી. વકીલાતની સાથોસાથ શાસ્ત્રીય સંગીત પ્રત્યેની સાધના ઉત્તરોત્તર વધતી રહી. શાસ્ત્રીય સંગીત પ્રત્યેનું તેમનું આકર્ષણ અને સંગીતના ક્ષેત્રમાં કાંઈક નવું કરવાની પ્રબળ ઈચ્છાને કારણે તેમણે વકીલાત છોડી સંગીતના ઉદ્ધાર માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. પંડિત ભાતખંડેજીએ હિન્દુસ્તાનનાં નાનાંમોટાં શહેરો, નગરો અને ગામડાઓમાં પ્રવાસ ખેડી ત્યાંનાં પુસ્તકાલયોમાં રહેલ સંગીતના પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ કરીને તેમજ કેટલાય કલાકારોને સાંભળીને નવી નવી ચીજો, રાગો વગેરેનો સંગ્રહ કરવા લાગ્યા. આવી આશરે 2500 જેટલી ચીજોનો સંગ્રહ કરી 'ચર્તુદંડી પ્રકાશિકા' નામના ગ્રંથમાં તેમણે ઉત્તર હિન્દુસ્તાની સંગીતને દસ (10) થાટમાં વિભાજન કર્યું. આ રીતે તેઓએ ઉત્તર હિન્દુસ્તાની સંગીતને સરળ કર્યું. તદુપરાંત તેઓએ સ્વરલેખન પદ્ધતિ વિકસાવી. જે ભાતખંડે સ્વરલિપિ તરીકે ઓળખાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઈ.સ. 1916માં મહારાજા સયાજીરાવની મદદથી પંડિત ભાતખંડેજીએ ભારતની સૌપ્રથમ સંગીત પરિષદ વડોદરામાં યોજી. આ પરિષદમાં સમગ્ર ભારતના સર્વ ઉચ્ચ કોટિના કલાકારોના સંગીત ઉપરાંત નિબંધવાચન તથા ચર્ચાઓ વગેરે યોજાયા હતા. આ ઑલ ઇન્ડિયા મ્યુઝિક કોન્ફરન્સનું પંડિતજીએ સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું. આ ઉપરાંત તેઓએ લખનઉમાં પણ 'મેરિસ મ્યુઝિક કૉલેજ અને ગ્વાલિયરમાં 'માધવ સંગીત વિદ્યાલય' નામની સંસ્થાઓ શરૂ કરી હતી.

### ગાયનશૈલી

પંડિત ભાતખંડે ગાયનમાં કુશળ હતા. 'ખ્યાલ' ગાયનમાં આલાપચારી મુખ્ય અંગ હતું. તેઓનું 'સ્વર' અને લય પર ખૂબ જ પ્રભુત્વ હતું. તેઓ બંસરી અને સિતાર પણ સારી રીતે વગાડી શકતા.

### સાંગીતિક પ્રદાન

પંડિત ભાતખંડેજીએ 'હિન્દુસ્તાની સંગીત પદ્ધતિ' નામના ચાર ભાગનાં પુસ્તકોમાં સંગીતશાસ્ત્રનું બારિક અન્વેષણ કર્યું છે. તેમના મુખ્ય "ક્રમિક પુસ્તક માલિકા ભાગ 1 થી 6" ભાતખંડે સંગીતશાસ્ત્ર 1 થી 4 "અભિનવ રાગ મંજરી" તથા સંગીતના સિદ્ધાંતો વિશે તેમજ રાગોની વ્યાખ્યા વિશે તેમણે સંસ્કૃતમાં લખેલા પુસ્તકમાં "લક્ષ્ય સંગીતમ્" મુખ્ય છે.

### શિષ્યગણ

પંડિતજીના પ્રતિભાવાન શિષ્યોમાં મુખ્યત્વે પંડિત વાડીલાલ શિવરામ નાયક, પંડિત એસ. એન. રાંતાંજનકર તથા પ્રોફેસર ડી. પી. મુખરજી હતા.

### મૃત્યુ

સંગીતના મહાન તપસ્વી પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે ઈ.સ. 1936ની 19મી સપ્ટેમ્બરે સંગીતવિદ્યાના ઉપાસકો માટે અમૂલ્ય વારસો છોડીને સદ્ગતિ પામ્યા.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોમાં જે વિકલ્પ સાચો હોય તે વિકલ્પ પર ખરાની નિશાની કરો :**

(1) પંડિત ઓમકારનાથ ઠાકુરનો જન્મ ક્યાં થયો હતો ?

(એ) વડોદરા (બી) ભરૂચ (સી) લાહોર (ડી) જહાજ

(2) પંડિત ઓમકારનાથને કયો શોખ હતો ?

(એ) ક્રિકેટ રમવાનો (બી) નૃત્ય કરવાનો (સી) ભજન સાંભળવાનો (ડી) લડાઈ કરવાનો

(3) પંડિત ઓમકારનાથ ઠાકુર મુંબઈમાં કયા સંગીત મંડળની સ્થાપના કરી ?

(એ) ગુજરાત મહામંડળ (બી) ગુજરાત સંગીત મંડળ (સી) મહાગુજરાત મંડળ (ડી) ગાંધર્વ વિદ્યાલય

(4) ભારત સરકાર તરફથી પં. ઓમકારનાથજીને કયા ઇલ્કાબથી નવાજવામાં આવ્યા ?

(એ) ભારતરત્ન (બી) પદ્મશ્રી (સી) પદ્મવિભૂષણ (ડી) પદ્મભૂષણ

(5) પંડિત ઓમકારનાથ ઠાકુરે રચેલો નવો રાગ કયો છે ?

(એ) શિવરંજની (બી) પ્રણવરંજની (સી) કુંવરરંજની (ડી) મેઘરંજની



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**2. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) પંડિત ઓમકારનાથનાં માતા-પિતાનું નામ જણાવો.

(2) પંડિત ઓમકારનાથની ગાયનશૈલીની વિશિષ્ટતાઓ જણાવો.

(3) પંડિત ઓમકારનાથ કયા ઘરાનાના ગાયક હતા ?

(4) પંડિત ઓમકારનાથને કયાં કયાં સન્માનો પ્રાપ્ત થયાં છે ?

(5) પંડિત ઓમકારનાથનાં મુખ્ય શિષ્યવૃંદોનાં નામ જણાવો.

(6) પંડિત ઓમકારનાથે કયા કયા ગ્રંથોની રચના કરી ?

**3. નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોમાં જે વિકલ્પ સાચો હોય તે વિકલ્પ પર ખરાની નિશાની કરો :**

(1) પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડેનો જન્મ કયાં કુટુંબમાં થયો હતો ?

(એ) ગુજરાતી (બી) તામિલ (સી) મહારાષ્ટ્રીયન (ડી) બંગાળી

(2) કૉલેજકાળ દરમિયાન સિતારની તાલીમ પંડિત ભાતખંડેજીએ કોની પાસેથી લીધી ?

(એ) રાઓજીબા (બી) વલ્લભદાસ (સી) ઓમકારનાથ ઠાકુર (ડી) રવિશંકર

(3) ઑલ ઇન્ડિયા મ્યુઝિક કોન્ફરન્સનું સંચાલન કોણે કર્યું હતું ?

(એ) પ્રો. ડી. પી. મુખરજી(બી) પં. વિષ્ણુ દિગંબર પલુસ્કર(સી) પં. વિષ્ણુનારાયણ ભાતખંડે (ડી) ઉસ્તાદ ફૈયાઝખાં

(4) પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે દ્વારા રચાયેલ ગ્રંથ કયો છે ?

(એ) સંગીતાંજલિ (બી) સંગીતપ્રવેશ (સી) રાગપ્રવેશ (ડી) અભિનવ રાગમંજરી

(5) નીચેનામાંથી કયા કલાકાર ભાતખંડેના શિષ્ય હતા ?

(એ) પં. વાડીલાલ શિવરામ નાયક (બી) પરવીન સુલતાના (સી) સંજીવ અભ્યંકર (ડી) બેગમ અખ્તર

**4. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

(1) પંડિત ભાતખંડેજીનો જન્મ કયાં અને ક્યારે થયો હતો ?

(2) પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે ગાયન સિવાય કયાં વાદ્યો સારી રીતે વગાડી શકતા ?

(3) પંડિત ભાતખંડેજીએ કયા કયા ગ્રંથોની રચના કરી ?

(4) પંડિત ભાતખંડેજીએ ઉત્તર હિન્દુસ્તાની સંગીતને કેટલા થાટમાં વિભાજિત કર્યું ?

(5) પંડિત ભાતખંડેજીએ લખનઉ અને ગ્વાલિયરમાં શરૂ કરેલાં વિદ્યાલયોનાં નામ જણાવો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 7 રાગોની વિસ્તૃત માહિતી

**પ્રસ્તાવના**

**સંગીત હૈ ઈશ્વર કી શક્તિ હર સ્વર મેં બસે હૈ રામ,**
**રાગી જો સુનાયે રાગ તો રોગી કો મિલે આરામ.**

ભારતીય સંગીતમાં રાગનું વિશેષ મહત્ત્વ રહેલું છે. રાગને સમયાનુસાર ગાવામાં આવે તો પ્રાણીઓ માત્ર પર નહિ, પરંતુ વનસ્પતિ પર પણ વિશેષ અસર થયાનાં અનેક દૃષ્ટાંતો વિદ્યમાન થયેલ છે. આમ, વિદ્યાર્થી રાગની શાસ્ત્રીય માહિતી જાણી તે કયા થાટમાંથી ઉત્પન્ન થાય છે, તેમાં કયા સ્વર ઉપયોગી બને છે ? તેના વાદી-સંવાદી સ્વર કયા છે ? તે કઈ જાતિનો રાગ છે ? તે કયા સમયે-સ્વરૂપે ગવાય તે જાણવું અત્યંત આવશ્યક છે. રાગને યોગ્ય રીતે ગવાય તો આજના જ્ઞાન-વિજ્ઞાનના યુગમાં તબીબી સેવાના રૂપમાં પણ ઉત્તમ રીતે ઉપયોગી નીવડેલ છે.

રાગની અનુભૂતિ માનવ-શરીરમાં એક આહ્લાદક આનંદ પ્રસરાવી દિવસ દરમિયાનના માનસિક તાણ કે થાકને દૂર કરવાનું હાલનું ઉત્તમ સાધન છે, પરંતુ વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્ત શક્તિને વિકાસક્રમ આપવાનું કાર્ય પણ સંગીતકળા કરે છે.

આમ સંગીતના વિદ્વાનો ચોક્કસ કહે છે કે, સંગીત દ્વારા વિદ્યાર્થી-શિક્ષણમાં એકાગ્રતા કેળવી પોતાનું શૈક્ષણિક જીવન આધ્યાત્મિક રીતે દિવ્ય બનાવી શકે છે.

## વિવિધ રાગની માહિતી :



**(1) રાગ : સારંગ** (બિન્દ્રાવની)

યદા તીવ્રો નિષાદઃ સ્યાદારોહે ન ચ ધૈવતઃ ।
તદા સારંગ રાગોઽયં વૃન્દાવન્યભિધીયતે ॥

**માહિતી :**

| | | |
|---|---|---|
| રાગ | : | સારંગ (બિન્દ્રાવની) |
| થાટ | : | કાફી |
| વર્જિત સ્વર | : | ગ અને ધ આરોહ-અવરોહમાં. |
| રાગની જાતિ | : | ઔડવ - ઔડવ |
| વાદીસ્વર | : | રે (રિષભ) |
| સંવાદી સ્વર | : | પ (પંચમ) |
| સ્વર : | | બે નિષાદ |
| ગાયન-સમય | : | દિવસનો ત્રીજો પ્રહર / મધ્યાહ્ન |
| રાગની પ્રકૃતિ | : | ગંભીર અને વીરરસ |
| રાગનો પ્રભાવ | : | પાચનતંત્રમાં ફાયદો કરે છે. |
| આરોહ | : | સા રે મ પ નિ સાં |
| અવરોહ | : | સાં નિ પ મ રે સા |
| પકડ | : | નિસા, રેમ રે, પમ રે, નિસા |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### વિસ્તૃત માહિતી

- આરોહમાં મધ્યમનો કણસ્વર લઈને રિષભ પર જવાથી આ રાગ અતિ મધુર અને સૌંદર્યપૂર્ણ લાગે છે.
- આપણાં લોકસંગીતમાં ભજન તથા હોરી જેવા પ્રબંધોમાં આ રાગ ઓતપ્રોત છે.
- આ રાગનો પ્રચાર ગુજરાત અને મારવાડમાં અધિક છે.
- રાગક્રિયામાં આ રાગ ગંભીર પ્રકૃતિનો ગણાય છે, પરંતુ લોકસંગીતમાં ચંચલ અને સ્ફુર્તિદાયક સ્વરૂપમાં દેખાય છે.
- 'બિન્દ્રાવની' આ નામથી વૃંદાવનમાં ભગવાન શ્રીકૃષ્ણની રાસલીલા સાથે તેનો ખાસ સંબંધ છે.
- 'હોળી ગીતો' આ રાગમાં ગવાય છે.

**(2) રાગ : ખમાજ**

**દોઉ નિષાદ ની કે લગે, આરોહી રે હાનિ ।**
**ગ-નિ વાદી-સંવાદી તે, ખમાજ હિ પહચાની ॥**



**માહિતી :**

| | | |
|---|---|---|
| રાગ | : | ખમાજ |
| થાટ | : | ખમાજ |
| વર્જિત સ્વર | : | "રે" ફક્ત આરોહમાં |
| રાગની જાતિ | : | ષાડવ-સંપૂર્ણ |
| વાદીસ્વર | : | ગ (ગંધાર) |
| સંવાદી સ્વર | : | ની (નિષાદ) |
| સ્વર | : | બે નિષાદ |
| ગાયન-સમય | : | રાત્રીનો બીજો પ્રહર / મધ્યરાત્રી |
| રાગની પ્રકૃતિ | : | શૃંગાર |
| રાગનો પ્રભાવ | : | માનસિક તણાવ દૂર કરે છે |
| આરોહ | : | સા ગ મ પ ધ નિ સાં |
| અવરોહ | : | સાંનિ̱ધ, મપધમગ, પમગરેસા |
| પકડ | : | નિ̱ધ, મપધ, મગ, પમગરેસા |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### વિસ્તૃત માહિતી :

- આ રાગમાં આરોહમાં શુદ્ધ અને અવરોહમાં કોમળ નિષાદ એમ બંનેય નિષાદનો પ્રયોગ કરવામાં આવે છે.
- આ રાગ સીધો અને સરળ હોવાથી અત્યંત કર્ણપ્રિય છે.
- આ રાગમાં ઉપશાસ્ત્રીય સંગીત અર્થાત્ ઠુમરી, ટપ્પા, ગઝલ, ફિલ્મી સંગીત વગેરે ગવાય છે.
- કર્ણાટકી સંગીતમાં આ રાગને 'હરી-કામ્ભોજી' નામથી ઓળખે છે.



### (3) રાગ : ભીમપલાસી

**જબ કાફી કે મેલમેં ચઢતે રીધ કો ત્યાગ ।**
**ગ-નિ કોમલ સમવાદી તે ભીમપલાસી રાગ ॥**

### માહિતી :

| | | |
|---|---|---|
| રાગ | : | ભીમપલાસી |
| થાટ | : | કાફી |
| વર્જિત સ્વર | : | રે અને ધ ફક્ત આરોહમાં |
| રાગની જાતિ | : | ઔડવ - સંપૂર્ણ |
| વાદીસ્વર | : | મ (મધ્યમ) |
| સંવાદી સ્વર | : | સા (ષડ્જ) |
| સ્વર | : | ગ અને નિ કોમળ બાકી બધા શુદ્ધ |
| ગાયન-સમય | : | દિવસનો ત્રીજો પ્રહર / મધ્યાહન |
| રાગની પ્રકૃતિ | : | શાંત અને ગંભીર |
| રાગનો પ્રભાવ | : | ઉત્સાહમાં વધારો કરે. |
| આરોહ | : | નિ સા ગ મ પ નિ સાં |
| અવરોહ | : | સાં નિ ધ પ મ ગ રે સા |
| પકડ | : | નિસામ, મપગ, મગરેસા |

### વિસ્તૃત માહિતી :

- આ શાંત પ્રકૃતિના રાગમાં મધ્યમનું ખૂબ મહત્ત્વ છે.
- આ રાગની નજીકનો રાગ 'ધનાશ્રી' પણ છે, પરંતુ રાગાંગની રીતે ભીમપલાસીથી તેનું અલગ સ્વરૂપ દેખાય છે.
- ભીમપલાસી રાગમાં કોમળ નિષાદને બદલે શુદ્ધ નિષાદ લેવાથી પટદીપ રાગ બને છે.
- ભીમપલાસી રાગમાં કોમળ ગંધારને બદલે શુદ્ધ ગંધાર લેવાથી 'ભીમ' રાગ બને છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## (4) રાગ : કાફી



**કોમલ ગ-ની લગાય કર, ગાવત આધી રાત ।**
**પ-રે વાદી-સંવાદી તે, કાફી રાગ સુહાત ॥**

**માહિતી :**

| | | |
|---|---|---|
| રાગ | : | કાફી |
| થાટ | : | કાફી |
| વર્જિત સ્વર | : | કોઈ નહિ. |
| રાગની જાતિ | : | સંપૂર્ણ - સંપૂર્ણ |
| વાદીસ્વર | : | પ (પંચમ) |
| સંવાદી સ્વર | : | રે (રિષભ) |
| સ્વર | : | ગ અને નિ કોમળ, બાકી બધા શુદ્ધ |
| ગાયન-સમય | : | રાત્રીનો બીજો પ્રહર / મધ્યરાત્રી |
| રાગની પ્રકૃતિ | : | કરુણ - શૃંગાર |
| રાગનો પ્રભાવ | : | ઉત્સાહમાં વધારો કરે છે. |
| આરોહ | : | સા રે ગ મ પ ધ નિ સાં |
| અવરોહ | : | સાં નિ ધ પ મ ગ રે સા |
| પકડ | : | સાસા, રેરે, ગગ, મમ, પ |

**વિસ્તૃત માહિતી**

- આ રાગમાં મુખ્યત્વે ઠુમરી, હોરી, ટપ્પા, ભજન જેવા ગીતપ્રકારો ગવાય છે.
- આ રાગમાં ત્રણ પ્રકારો જોવા મળે છે : (1) શુદ્ધ કાફી (2) મિશ્ર કાફી અને (3) સિંધ કાફી.
- પ્રાચીન ગ્રંથોમાં આ રાગને ખરહરપ્રિયા અને હરપ્રિયાના નામથી ઓળખે છે.
- આ રાગ સુગમસંગીત અને લોકસંગીતમાં ખૂબ જ ઉપયોગમાં લેવામાં આવે છે.

## (5) રાગ : યમન

**સબ હી તીવર, સૂર, જહાઁ વાદી ગંધાર સુહાય ।**
**અરૂ સંવાદિ નિષાદ તે, યમન રાગ કહાય ॥**

**માહિતી :**

| | | |
|---|---|---|
| રાગ | : | યમન |
| થાટ | : | કલ્યાણ |
| વર્જિત સ્વર | : | કોઈ નહિ. |
| રાગની જાતિ | : | સંપૂર્ણ - સંપૂર્ણ |
| વાદીસ્વર | : | ગ (ગંધાર) |
| સંવાદી સ્વર | : | ની (નિષાદ) |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



સ્વર : મં (તીવ્રમધ્યમ) બાકી, બધા શુદ્ધ સ્વર
ગાયન-સમય : રાત્રીનો પ્રથમ પ્રહર
રાગની પ્રકૃતિ : શાંત-ભક્તિ રસપ્રધાન
રાગનો પ્રભાવ : વિકારોને શાંત કરે છે અને એકાગ્રતા વધારે છે.
આરોહ : નિ રે ગ મં પ ધ નિ સાં
અવરોહ : સાં નિ ધ પ મં ગ રે સા
પકડ : નિ રે ગ રે સા, પ મં ગ રે સા

**વિસ્તૃત માહિતી**

- યમન રાગ કલ્યાણ રાગનો જનકરાગ કહેવાય છે.
- રાગનું નામ યમન છે પણ તે ફારસી શબ્દ છે. ફક્ત તીવ્ર મધ્યમ (મં) તેમાં લેવાય છે.
- આ રાગ પૂર્વાંગવાદી છે.
- આ રાગમાં પ્રાર્થના, ભજનો, શ્લોક તથા ફિલ્મગીતો ગાઈ શકાય છે તથા સુગમસંગીતમાં ઉપયોગી છે.
- આ રાગની શરૂઆત મંદ્રસપ્તકના નિષાદ (નિ)થી કરવામાં આવે છે.
- કલ્યાણની ભાવના રાખી સૌનું કલ્યાણ થાય તેવી શક્તિ આ રાગમાં છે. માટે જ શુભ શરૂઆત કલ્યાણ રાગથી જ કરવી જોઈએ.



## (6) રાગ : ભૈરવી

**કોમલ સબ હી સુર, ભલે મધ્યમ વાદી બખાન ।**
**ષડ્જ જહાઁ સંવાદિ હૈ, તાહિં ભૈરવી જાન ॥**

**માહિતી :**

રાગ : ભૈરવી
થાટ : ભૈરવી
વર્જિત સ્વર : કોઈ નહિ.
રાગની જાતિ : સંપૂર્ણ - સંપૂર્ણ
વાદીસ્વર : ધ (કોમળ ધૈવત)
સંવાદી સ્વર : ગ (કોમળ ગંધાર)
સ્વર : રે ગ ધ અને ની કોમળ સ્વરો
ગાયન-સમય : પ્રાતઃકાળ અથવા કાર્યક્રમ કે સભાના અંતમાં
રાગની પ્રકૃતિ : કરુણ - શૃંગાર ભક્તિરસ
રાગનો પ્રભાવ : ઉત્સાહવર્ધક
આરોહ : સા રે ગ મ પ ધ નિ સાં
અવરોહ : સાં નિ ધ પ મ ગ રે સા
પકડ : મગ, સારેસા, ધનિ, સારેસા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**વિસ્તૃત માહિતી :**

- રાગ ભૈરવી સર્વદા સુખદાયીની ગણાય છે.
- આ રાગમાં બધા સ્વરોનું મિશ્રણ કરવા છતાં રાગ હાનિ થતી નથી.
- આ રાગિણીમાં ઠુમરી, ટપ્પા, હોરી, ભજન વગેરે ખાસ કરીને ગવાય છે.
- ભૈરવી રાગમાં શુદ્ધ રિષભ અને શુદ્ધ ધૈવત લેવાથી 'સિંધ ભૈરવી' નામનો રાગ બને છે.
- ભૈરવી રાગના આરોહમાં રિષભ અને પંચમનો પ્રયોગ અલ્પ કરવો એવી માન્યતા છે.

## સ્વાધ્યાય

**1. ખાલી જગ્યા પૂરો :**

(1) રાગ ભીમપલાસીનો ........... થાટ છે.

(2) રાગ ખમાજની રાગજાતિ ........... છે.

(3) ........... રાગના આરોહ-અવરોહમાં ગ અને ધ બંનેય સ્વરો વર્જ્ય / વર્જિત છે.

(4) રાગ ભીમપલાસીમાં ગ અને ની સ્વરો ........... છે.

(5) રાગ કાફીની જાતિ ........... છે.

(6) રાગ યમનનો વાદી સ્વર ........... અને સંવાદી સ્વર ........... છે.

**2. જોડકાં જોડો :**

| અ | બ |
|---|---|
| (1) બિંદ્રાવની સારંગ | (1) વાદી - પ અને સંવાદી - રે |
| (2) ખમાજ | (2) કલ્યાણ થાટ |
| (3) ભીમપલાસી | (3) ઔડવ-ઔડવ |
| (4) યમન | (4) ષાડવ-સંપૂર્ણ |
| (5) ભૈરવી | (5) કાર્યક્રમ કે સભાના અંતમાં |
| (6) કાફી | (6) કાફી થાટ |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**3. નીચે આપેલા પ્રશ્નોના વિકલ્પોમાં જે વિકલ્પ સાચો હોય તે વિકલ્પ પર ખરાની નિશાની કરો :**

(1) રાગ બિંદ્રાવની સારંગનો થાટ કયો છે ?

(એ) બિલાવલ (બી) કાફી (સી) કલ્યાણ (ડી) ખમાજ

(2) રાગ ખમાજની રાગજાતિ કઈ છે ?

(એ) ષાડવ - સંપૂર્ણ (બી) ઔડવ-ઔડવ (સી) ષાડવ-ષાડવ (ડી) ષાડવ-ઔડવ

(3) રાગ ભીમપલાસીનો વાદીસ્વર કયો છે ?

(એ) ષડ્જ(સા) (બી) પંચમ(પ) (સી) મધ્યમ(મ) (ડી) રિષભ (રે)

(4) રાગ કાફીમાં કેવા સ્વર લેવાય છે ?

(એ) રે અને ધ (બી) બે નિષાદ (સી) બધા શુદ્ધ (ડી) ગ અને નિ

(5) રાગ યમનનો ગાયન-સમય કયો છે ?

(એ) રાત્રીનો પ્રથમ પ્રહર (બી) દિવસનો પ્રથમ પ્રહર (સી) મધ્યરાત્રી (ડી) પ્રાતઃકાલ

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 8 તાલજ્ઞાન

**પ્રસ્તાવના**

ભરતમુનિના નાટ્યશાસ્ત્રમાં લખ્યું છે કે, 'यस्तु तालं न जानाति न स गाता न वादक:' ।

એટલે કે તાલના વ્યાવહારિક જ્ઞાનની સમજ ન રાખે તે સારો ગાયક કે વાદક બની શકે નહિ. સારા સંગીતકાર બનવા માટે તાલ અને લયનું જ્ઞાન અત્યંત આવશ્યક છે. આ એકમમાં તાલ-દાદરા, કહરવા, ત્રિતાલ, હીંચ, તાલોની ઉપયોગિતા સહિતની વિસ્તૃત સમજ આપી છે. વિદ્યાર્થી આ એકમનો અભ્યાસ કરી હેતુ સિદ્ધ કરી શકશે.

તાલ - દાદરા, કહરવા, ત્રિતાલ, હીંચ ને માત્રા, બોલ ખંડ સહિત સંપૂર્ણ માહિતી સાથે લિપિબદ્ધ કરવા.

## (1) તાલ - દાદરા

માત્રા - 6, ખંડ - 2 (દરેક ખંડમાં 3-3 માત્રા)

તાલી - 1 માત્રા ઉપર

ખાલી - 4 માત્રા ઉપર

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
| બોલ | ધા | ધીં | ના | ધા | તીં | ના | ધા |
| ચિહ્ન | × | | | 0 | | | × |

**વિશેષતા :**

(1) આ તાલ તિસ્ત્ર જાતિનો છે.

(2) આ તાલનો ઉપયોગ ઉપશાસ્ત્રીય સંગીતના પ્રકારો જેવા કે ઠુમરી, ટપ્પા, દાદરા, ચૈતી, કજરી વગેરે તેમજ સુગમ સંગીત, ગઝલ, ફિલ્મી સંગીતમાં થાય છે.

(3) આ તાલ બંધબાજનો છે અને તબલાવાદ્ય ઉપર વગાડવામાં આવે છે.

## (2) તાલ - કહરવા

માત્રા - 8 ખંડ - 2 (દરેક ખંડમાં 4-4 માત્રા)

તાલી - 1 માત્રા ઉપર

ખાલી - 5 માત્રા ઉપર

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
| બોલ | ધા | ગે | ન | તી | ન | ક | ધી | ન | ધા |
| ચિહ્ન | × | | | | 0 | | | | × |

**વિશેષતા :**

(1) આ તાલ ચતુસ્ત્ર જાતિનો છે.

(2) આ તાલ બંધબાજનો છે અને તબલા ઉપરાંત ઢોલ-નાલ વગેરે વાદ્ય ઉપર વગાડવામાં આવે છે.

(3) આ તાલનો ઉપયોગ ઉપશાસ્ત્રીય સંગીતના પ્રકારો જેવા કે ઠુમરી, ટપ્પા, ચૈતી, કજરી વગેરે તેમજ સુગમ સંગીત, ગીત, ગઝલ, ફિલ્મી સંગીતમાં થાય છે.

## (3) તાલ - ત્રિતાલ

માત્રા - 16, ખંડ-4 (દરેક ખંડમાં 4-4 માત્રા)

તાલી - 1, 5, 13 માત્રા ઉપર

ખાલી - 9 માત્રા ઉપર

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
| બોલ | ધા | ધીં | ધીં | ધા | ધા | ધીં | ધીં | ધા | ધા | તીં | તીં | તા | તા | ધીં | ધીં | ધા | ધા |
| ચિહ્ન | × | | | | 2 | | | | 0 | | | | 3 | | | | × |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**વિશેષતા :**

(1) આ તાલ ચતુસ્ર જાતિનો છે.

(2) આ તાલ બંધબાજનો છે અને તબલા, વાદ્ય ઉપર વગાડવામાં આવે છે.

(3) આ તાલનો ઉપયોગ મુખ્યત્વે શાસ્ત્રીય સંગીતમાં કરવામાં આવે છે. આ ઉપરાંત સુગમ સંગીત, ફિલ્મી સંગીતમાં પણ આ તાલનો ઉપયોગ થાય છે.

**(4) તાલ-હીંચ**

માત્રા - 6, ખંડ-2 (દરેક ખંડમાં 3-3 માત્રા)

તાલી - 1 માત્રા ઉપર

ખાલી - 4 માત્રા ઉપર

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધીં | નક | ધા | તીં | નક | ધા | ધીં |
| ચિહ્ન | × | | | 0 | | | × |

**વિશેષતા :**

(1) આ તાલ તિસ્ત્ર જાતિનો છે.

(2) આ તાલ બંધબાજનો છે અને તબલા, ઢોલ, ઢોલક, નાલ વગેરે વાદ્ય ઉપર વગાડવામાં આવે છે.

(3) આ તાલનો વિશેષ ઉપયોગ ગુજરાતના પ્રસિદ્ધ ગરબા, રાસ ગાયન પ્રકાર અને લોકસંગીત, સુગમસંગીત અને ફિલ્મી સંગીતમાં થાય છે.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

(1) સમાન માત્રાવાળા બે તાલનાં નામ આપો.

(2) ઉપશાસ્ત્રીય સંગીતમાં ઉપયોગ થાય તેવા બે તાલનાં નામ આપો.

(3) નવમી માત્રા ઉપર ખાલી આવતી હોય તેવા તાલનું નામ જણાવો.

(4) ખાલીનું ચિહ્ન શું છે ?

(5) સમનું ચિહ્ન શું છે ?

(6) ત્રણ માત્રાના ખંડ હોય તેવા તાલનું નામ આપો.

(7) શાસ્ત્રીય સંગીતમાં કયા તાલનો પ્રયોગ થાય છે ?

(8) તાલ-ત્રિતાલમાં કઈ કઈ માત્રા ઉપર તાલી આવે છે ?

(9) લોકવાદ્યમાં વગાડવામાં આવતા તાલનું નામ જણાવો.

(10) તાલ કહરવાની ખાલી કઈ માત્રા ઉપર આવે છે ?

**2. નીચે આપેલ બોલોમાં ખૂટતાં બોલ ઉમેરી, એ તાલની સંપૂર્ણ માહિતી આપી લિપિબદ્ધ કરો :**

(1) ધા__ __તી __ ક __ ન

(2) __ નક __ તીં __ ધા

(3) ધા __ ના __ તીં __

(4) ધા __ ધીં ધા __ ધીં __ ધા ધા __ તીં __ તા ધીં __ ધા

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 9 દૃશ્યશ્રાવ્ય ઉપકરણો તથા ભક્તિસંગીત

**પ્રસ્તાવના**

સંગીતમાં ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની અસીમ શક્તિ છે. નાદ બ્રહ્મની ઉપાસના માટે ભક્તિસંગીતનું મહત્ત્વ તથા ભારતના જુદા જુદા પ્રાંતમાં ગાવામાં આવતા ભક્તિસંગીતના પ્રકારોની સમજણ આપવામાં આવી છે. આજના નવા યુગમાં જ્ઞાનયુક્ત સમજણ ખૂબ જ જરૂરી છે. દેશની સંગીતકલા-શિક્ષણ-વ્યવસ્થાને અધિક સમૃદ્ધ અને વિકસિત કરવા તથા વ્યાપ વધારવા દૃશ્ય અને શ્રાવ્ય ઉપકરણો જેમકે ટેલિવિઝન, ટેપરેકોર્ડર, ચલચિત્ર, કમ્પ્યૂટર, ઇન્ટરનેટના મહત્ત્વપૂર્ણ ઉપયોગની સમજણ આપી છે.

## નિબંધ 1

### સંગીતમાં દૃશ્યશ્રાવ્યની ઉપયોગિતા

સમયના બદલાવ સાથે સંસારના દરેક ક્ષેત્રમાં પરિવર્તન અને પ્રગતિ થતી રહી છે. સંગીત પણ આ બાબતમાં અપવાદરૂપ નથી રહ્યું. ૨૧મી સદીમાં નવા જ્ઞાનનો સતત વિસ્ફોટ થઈ રહ્યો છે. આજના નવા યુગમાં જ્ઞાનયુક્ત સમજણ ખૂબ જ જરૂરી છે.

વર્તમાન ભારતીય સંગીત એક ઉચ્ચ પ્રકારની પરંપરા સાથે આજના નવીન યુગ તરફ પ્રગતિ કરી રહ્યું છે. દેશની કલા-શિક્ષણ-વ્યવસ્થાને અધિક સમૃદ્ધ અને વિકસિત કરવા તથા તેનો વ્યાપ વધારવા અનેક પ્રકારના માધ્યમ અતિ લોકપ્રિય અને લાભદાયક સિદ્ધ થઈ રહ્યા છે. જેમકે ટેપરેકોર્ડર, ગ્રામોફોન આકાશવાણી રેડિયો, ઓડિયો-વિડિયો, કોમ્પેક્ટ ડિસ્ક, કમ્પ્યૂટર, ઇન્ટરનેટ મલ્ટીમીડિયા વેબસાઇટ, માઇક્રોફોન એમ્પ્લિફાયર વગેરેનો ઉપયોગ સંગીત અને સંગીત વિષયના વિદ્યાર્થીઓ, કલાકારો માટે અભિન્ન અંગ બની ચૂક્યો છે.

આજની નવીન ટેક્નોલૉજીમાં  દૃશ્ય અને શ્રાવ્ય સહાયક સામગ્રી ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની રહી છે. સંગીત-શિક્ષણમાં સહાયક સામગ્રીનું સ્થાન ખૂબ જ મહત્ત્વનું છે. (૧) દૃશ્ય ઉપકરણો (૨) શ્રાવ્ય ઉપકરણો (૩) દૃશ્ય અને શ્રાવ્ય ઉપકરણો.

**(૧) દૃશ્ય ઉપકરણો :** ચિત્રો, ચાર્ટ, ડાયોગ્રામ વાસ્તવિક વસ્તુ, બ્લેક બોર્ડ વગેરે. આ ઉપકરણો દ્વારા કઠિન સાંગીતિક પ્રક્રિયાઓની સરળતાથી સમજણ પડી શકે છે.

**(૨) શ્રાવ્ય ઉપકરણ :** શ્રાવ્યાત્મક સામગ્રીમાં રેડિયો, ગ્રામોફોન, માઇક્રોફોન, ટેપરેકોર્ડર, મૈટ્રોનોમ, કૈસેટ્સ માઇક એમ્પ્લિફાયર વગેરે.

દા. ત., **રેડિયો :** આ માધ્યમ દ્વારા આકાશવાણીના કાર્યક્રમોની જાણકારી પ્રાપ્ત થાય છે. જેમકે પ્રખ્યાત કલાકારોના ગાયન-વાદન સમારોહની જાણકારી, રાગો આધારિત ફિલ્મી ગીતો વગેરેની રેડિયો દ્વારા જાણકારી પ્રાપ્ત થાય છે.

**ટેપરેકોર્ડર :** આ માધ્યમ દ્વારા સંગીતનો કલાકાર, વિદ્યાર્થી પોતાના ધ્વનિનું રેકોર્ડ કરી પોતાનું મૂલ્યાંકન કરી શકે છે અનેક કલાકારોની કેસેટ સાંભળી જુદા જુદા ઘરાનાની ગાયકીની જાણકારી પ્રાપ્ત કરી શકે છે.

**મૈટ્રોનોમ :** લયની સમજણ માટે આ સાધનનો ઉપયોગ કરી શકાય છે.

**માઇક્રોફોન :** માઇક્રોફોનના ઉપયોગ દ્વારા નાદની ગુણવત્તાની જાણકારી મેળવી શકે છે. વૉલ્યુમ, રેંજ, ટ્રિબલનો ખ્યાલ આવી શકે છે.

**(3) દૃશ્ય અને શ્રાવ્ય ઉપકરણો :** આ શ્રેણીમાં દૂરદર્શન, ચલચિત્ર, કમ્પ્યૂટર, ઇન્ટરનેટ વેબસાઇટ્સ, પ્રેક્ટિસ ટ્રેક સીડી પ્લેયર, પેનડ્રાઇવ વગેરેનો સમાવેશ થાય છે.

**ટૅલિવિઝન :** આ ઉપકરણ દ્વારા જુદા જુદા કલાકારોને પ્રત્યક્ષ સાંભળી તથા જોઈ શકાય છે. વિવિધ પ્રદેશોનાં લોકગીતોની જાણકારી પ્રાપ્ત થાય છે. હંમેશાં સારું સંગીત જોઈ-સાંભળવાથી વિદ્યાર્થીઓની સંગીત પ્રત્યેની રુચિમાં વધારો થાય છે. વિવિધ કૌશલ્યોની જાણકારી પ્રાપ્ત થાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**ચલચિત્ર :** પ્રાદેશિક કે હિન્દી ચલચિત્રોમાં આવતા શાસ્ત્રીય રાગો આધારિત ગાયન અને નૃત્યો દર્શાવીને ભારતીય સંગીતના ઉચ્ચ કોટિના કલાકારોની રાગગાયન શૈલીનો પરિચય આપી શકાય.

**કમ્પ્યૂટર :** કમ્પ્યૂટરના ઉપયોગથી જુદા જુદા ધ્વનિ, ધૂનો, રાગો તથા જુદી જુદી લયકારીની રચના થઈ શકે છે.

**ઈન્ટરનેટ :** ઈન્ટરનેટ દ્વારા જરૂરી જાણકારી થોડા સમયમાં વિપુલ માત્રામાં પ્રાપ્ત થાય છે. વિવિધ દેશો, પ્રાંતોના લોકસંગીત, શાસ્ત્રીય સંગીતની સૈદ્ધાંતિક અને ક્રિયાત્મક બાબતોની વિસ્તૃત જાણકારી, માહિતીનું આદાન-પ્રદાન થઈ શકે છે.

સંગીતકલા અને શિક્ષણ પરિવર્તનશીલ છે, પરંતુ એનું સત્ય તત્ત્વ નષ્ટ થતું નથી. વિચારધારાનો અમલ કરી ઉપર્યુક્ત સાધનોનો પૂર્ણ અને સાચી રીતે ઉપયોગ કરવાથી સાચા 'નાદ બ્રહ્મ'ની ઉપાસના થઈ શકે છે.

## નિબંધ 2

### ભક્તિસંગીત અને તેના પ્રકારો

સંગીતમાં ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાની અસીમ શક્તિ છે. સંગીતના સ્વરોના માધ્યમથી માનવી પોતાના મનને એકાગ્ર કરી હૃદયની ચંચળતાને સ્થિર કરી શકે છે. નાદ બ્રહ્મની ઉપાસનાના આ માધ્યમથી મનુષ્ય એવા આનંદની અવસ્થા પ્રાપ્ત કરે છે જેને 'બ્રહ્માનંદ' કહે છે. આ નાદ બ્રહ્મની ઉપાસનાનો એક માર્ગ એટલે ભક્તિસંગીત.

ભારતની પુણ્યભૂમિ એવા અનેક સાધકોથી સમૃદ્ધ હતી જેઓએ સંગીતના આ માર્ગ એટલે કે ભક્તિસંગીત દ્વારા ઈશ્વરપ્રાપ્તિની સાધના કરી હતી. જેના ઉદાહરણ સ્વરૂપ, મીરાંબાઈ, તુલસીદાસ, તુકારામ, નામદેવ, નરસિંહ મહેતા, કવિ જયદેવ, દયારામ વગેરે.

આ મહાન સાધકોએ પોતપોતાના ઈષ્ટ દેવતાઓનાં ચરણોમાં ભક્તિસંગીત રૂપે ભાવપૂર્ણ રચનાઓ કરી હતી. ભારતવર્ષના વિવિધ પ્રાંતના વૈષ્ણવ, શૈવ તથા શક્તિ સંપ્રદાય દ્વારા એક માર્ગ પસંદ કરવામાં આવ્યો, જે દ્વારા ઈશ્વરની સાધના થઈ શકે અને એ માર્ગ એટલે 'ભક્તિસંગીત'.

પ્રાચીન માર્ગી સંગીત (ઈશ્વરને પ્રાપ્ત કરનાર માર્ગે લઈ જનાર સંગીત માટે વપરાતો હતો) જે હાલમાં આપણે ત્યાં ગવાતાં ભજનો અને મંદિરોમાં ગાવામાં આવતાં કીર્તનોને માર્ગી સંગીત કહી શકાય. આ માર્ગી સંગીત એટલે જ 'ભક્તિસંગીત'. હાલમાં ભક્તિસંગીતના નવ પ્રકાર પ્રચલિત છે :

| | | |
|---|---|---|
| શ્રવન | કરિતન | ચિત્તવન |
| સેવન | નંદન | ધ્યાન |
| લઘુતા | સમતા | એકતા |
| નોધા | ભક્તિ | પ્રમાન |

**બનારસીદાસ**

એટલે કે

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | શ્રવણ | 4. | પાદસેવન | 7. | દાસ્ય-દાસભાવ |
| 2. | કીર્તન | 5. | અર્ચન | 8. | સખ્ય |
| 3. | સ્મરણ | 6. | વંદન | 9. | આત્મનિવેદન |

દુનિયાના દરેક ધર્મો અને પંથોમાં પોતપોતાની રીતે ઈશ્વરપ્રાપ્તિ માટે ભક્તિગીતો ગાવામાં આવે છે. ચર્ચમાં ગાવામાં આવતાં પ્રાર્થનાગીતો, ગુરુદ્વારામાં ગવાતાં ગુરુબાની ગીતો આનું પ્રત્યક્ષ અને સુંદર ઉદાહરણ છે. જૈનધર્મમાં ગવાતા 'સ્તવનો', વૈષ્ણવ સંપ્રદાયમાં ગાવામાં આવતા 'હવેલી સંગીત', સ્વામીનારાયણ સંપ્રદાયમાં પ્રભુભક્તિના 'ધોળ' એ ભક્તિસંગીત કહી શકાય.

ભારતના દરેક પ્રાંતમાં ભક્તિસંગીત જુદી જુદી રીતે ગાવામાં આવે છે. માળવા-રાજસ્થાનમાં નાથપંથી સંગીતની પરંપરા સૈકાઓથી પ્રચલિત છે. નાથપંથી ગીતોમાં ઈશ્વરની સાધનાની જ વાત કરવામાં આવી છે. કબીરજીનાં ભજનો જે કબીરવાણી તરીકે ઓળખવામાં આવે છે. તે ઉપરાંત રૈદાસ, ભક્તકવિ દાદૂ, હરિદાસ વગેરે સંત સાધકોએ ભક્તિસંગીતનો ભારતના ગ્રામ્ય વિસ્તારમાં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ખૂબ જ પ્રચાર કર્યો હતો. નાથપંથી ગીતોમાં નિર્ગુણપંથી અને સગુણપંથી ગીતોનો સમાવેશ થાય છે. બંગાળમાં આ ભક્તિસંગીતને 'શ્યામાસંગીત' અને 'કીર્તનસંગીત' તરીકે ઓળખવામાં આવે છે. મહારાષ્ટ્રમાં 'અભંગ' ના નામથી અને ગુજરાતમાં 'ભજન', 'ગરબી', 'ધૂન' કે 'સ્તોત્ર'થી ઓળખવામાં આવે છે.

| | | |
|---|---|---|
| મીરાંની પદરચના | - | 'મેરે તો ગિરધર ગોપાલ' |
| નરસિંહ મહેતા | - | 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ' |
| કબીરજી | - | 'મન લાગો મેરો યાર ફકીરીમેં' |
| તુલસીદાસ | - | 'શ્રીરામચન્દ્ર કૃપાલુ ભજ મન હરણભવ-ભય દારુણમ્' |
| ગુરુનાનક | - | 'સુમિરન કરલે મેરે મના' |
| સૂરદાસ | - | 'પ્રભુ ! મોરે અવગુણ ચિત્ત ન ધરો !' |
| ગંગાસતી | - | 'મેરુ તો ડગે પણ જેનાં મન નવ ડગે' |
| ધૂન | - | 'સાચી વાણીમાં શ્રીરામ, સાચા વર્તનમાં શ્રીરામ' |
| દયારામ | - | 'શ્યામ રંગ સમીપે ન જાવું'. |
| બ્રહ્માનંદ | - | 'રે શિર સાટે નટવરને વરીએ' |

ઉપર્યુક્ત રચનાઓને ભક્તિસંગીતની રચનાઓ કહી શકાય.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) ભક્તિસંગીત એટલે શું ?

(2) હાલમાં ભક્તિસંગીતના પ્રચલિત પ્રકારો કેટલા છે ?

(3) ભજન, અભંગ એ સંગીતનો કયો પ્રકાર છે ?

(4) ભક્ત કવિઓની રચનાનો સંગ્રહ (પ્રોજેક્ટ કાર્ય) કરો.

(5) ગુજરાતના ભક્ત કવિઓનાં નામની યાદી (પ્રોજેક્ટ કાર્ય) કરો.

**2. નીચે આપેલા ટેબલમાં જોડકાંની સાચી જોડ બનાવો અને તે માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

| અ | બ |
|---|---|
| (1) સૂરદાસ | (1) 'શ્યામ રંગ સમીપે ન જાવું'. |
| (2) કબીરજી | (2) 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ' |
| (3) નરસિંહ મહેતા | (3) 'મન લાગો મેરો યાર ફકીરીમેં' |
| (4) દયારામ | (4) 'પ્રભુ ! મોરે અવગુણ ચિત્ત ન ધરો !' |

**2.** (1) શ્રાવ્ય ઉપકરણોનાં નામ આપો.

(2) દૃશ્ય ઉપકરણોની સમજણ આપો.

(3) મૈટ્રોનોમ શું ઉપયોગ થાય છે ?

(4) કમ્પ્યૂટર માધ્યમ દ્વારા સંગીત કલાક્ષેત્રે પ્રાપ્ત થતી સેવા જણાવો.

(5) વિશ્વના જુદા જુદા દેશોની સંગીતકલાની જાણકારી કયા માધ્યમ દ્વારા પ્રાપ્ત થઈ શકે છે ?

(6) દૃશ્ય-શ્રાવ્ય, ઉપકરણોનાં ચિત્રોનો પ્રોજેક્ટ તૈયાર કરવો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 10 સૈદ્ધાંતિક વાદ્ય વિભાગ અને પ્રૉજેક્ટ વર્ક

**પ્રસ્તાવના**

આ એકમ દ્વારા વિદ્યાર્થીઓને શાસ્ત્રીય વાદ્ય તેમજ લોકસંગીતનાં વાદ્યોની જાણકારી પ્રાપ્ત થશે. તેમજ દરેક વાદ્યોનાં અંગોની જાણકારી આપવામાં આવી છે. જેથી વાદ્યોનો ઉપયોગ તેમજ વાદ્યની બનાવટની માહિતી પ્રાપ્ત થશે.

## 1. શાસ્ત્રીય વાદ્ય અને તેના વાદ્યકારો

આ એકમના અંતર્ગત શાસ્ત્રીય વાદ્ય માટે વાદ્યના અલગ અલગ પ્રકારની જાણકારી હોવી ખૂબ જ જરૂરી છે જે નીચે મુજબ છે :

**ભારતીય વાદ્ય પ્રકાર :**

પ્રાચીન કાળથી ભારતીય વાદ્યોનું વર્ગીકરણ મુખ્ય ચાર વિભાગમાં કરવામાં આવ્યું છે જે આ પ્રમાણે છે : (1) તત-વિતત્ (2) સુષિર (3) અવનધ્ધ (4) ઘન.

**(1) તત-વિતત્ :** જે વાદ્યોમાં સ્વરોની ઉત્પત્તિ તાર દ્વારા થાય છે. જે વાદ્યને મિજરાબ, જવા, સ્ટ્રોકર અથવા આંગળી દ્વારા વગાડવામાં આવે છે. તેને તત્ વાદ્યો કહેવાય છે. દા. ત., સિતાર મિજરાબ દ્વારા, સરોદ જવા દ્વારા, ગીટાર અને મેન્ડોલિન સ્ટ્રોકર દ્વારા અને તાનપુરો આંગળી દ્વારા વગાડવામાં આવે છે.

જે વાદ્યમાં સ્વરોની ઉત્પત્તિ તાર ઉપર ગજ ઘસવાથી થાય છે તે વાદ્યોને વિતત્ વાદ્યો કહેવાય છે. દા. ત., વાયોલિન, સારંગી, દિલરૂબા રાવણ હથ્થો વગેરે.

**(2) સુષિર વાદ્ય :** જે વાદ્યમાં સ્વરોની ઉત્પત્તિ ફૂંક અથવા હવા દ્વારા થાય છે તે વાદ્યોને સુષિર વાદ્ય કહેવામાં આવે છે. દા. ત., બંસી, શહનાઈ, ક્લેરીઓનેટ, બીન, શંખ, હાર્મોનિયમ વગેરે.

**(3) અવનધ્ધ વાદ્ય :** આ વાદ્યોના પોલા ભાગને ચામડાથી મઢી દેવામાં આવે છે. તે વાદ્યોને અવનધ્ધ વાદ્ય કહેવામાં આવે છે. દા. ત., તબલા, પખાવજ, મૃદંગ, ઢોલક, ઢોલ, નાલ, ડમરુ વગેરે.

**(4) ઘન વાદ્ય :** લાકડું, કાચ, ધાતુ વગેરે ઘન નક્કર વસ્તુઓ દ્વારા જે વાદ્ય બનાવવામાં આવે છે તેને ઘન વાદ્ય કહેવામાં આવે છે. આ વાદ્યોમાં સ્વરની ઉત્પત્તિ આઘાત કે ઘર્ષણ આપવાથી થાય છે. દા. ત., મંજિરા, ઝાંઝ, કરતાલ, ઘંટાતરંગ, જલતરંગ વગેરે.

### તબલા

પ્રાચીન સમયમાં પખાવજ જેવા તાલ વાદ્યોનો જે સાથસંગત માટે ઉપયોગ થતો હતો તેની જગ્યાએ હવે તબલાનો મુખ્યત્વે ઉપયોગ થાય છે, જેના વિશે નીચે પ્રમાણે માહિતી છે :

તબલું (દાંયાં) સાગ, સિસમ, બીયું, ખેર જેવા લાકડામાંથી બનાવવામાં આવે છે. જ્યારે (ડગ્ગા) બાંયુ, જર્મન સિલ્વર, તાંબું, પિત્તલ, માટી વગેરે ધાતુમાંથી બનાવવામાં આવે છે. બંને દાંયા અને બાંયા અંદરથી પોલા હોય છે અને તેના ઉપર ચામડાંની પુડીથી મઢવામાં આવે છે. આમ તબલાંની જોડી બને છે. હવે એના બીજા ભાગો વિશે જાણીએ :



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com




તબલા

**(1)** **પુડી :** બકરીના ચામડાંમાંથી પુડી બનાવવામાં આવે છે. જેને તબલા અને બાંયા પર બાંધવામાં આવે છે.

**(2)** **કોઠી :** તબલાની કોઠી લાકડાની અથવા માટીની હોય છે. ખાસ કરીને લાકડાની હોય છે તથા ડગ્ગામાં ધાતુ અથવા માટીની કોઠી હોય છે. બંને પર ચામડાની પુડી બાંધવામાં આવે છે.

**(3)** **શાહી :** તબલા અને ડગ્ગાની પુડીના વચ્ચે લોખંડનો ભુક્કો - રાળમાં મેળવીને બનાવેલ એક પદાર્થ, આનાથી ધ્વનિ-નિયંત્રણ થાય છે.

**(4)** **મેદાન :** શાહી અને ચાટી વચ્ચેનો ભાગ જેને લવ અથવા મેદાન કહેવામાં આવે છે.

**(5)** **ચાટ :** પુડીના કિનારે ચારે બાજુ (ગજરાની ઉપર) પાતળી પટ્ટી હોય છે. જેના પર આઘાત કરવાથી ધ્વનિ ઉત્પન્ન થાય છે. તેને 'ચાટ' અથવા કિનાર કહેવામાં આવે છે.

**(6)** **ગજરો અથવા વેણી :** પુડીના ચારેબાજુ પુડીના ચામડાંને જોડવા માટે ચામડાંની જ ગૂંથાયેલ વેણી / વેલ હોય છે. જેમાં 16 કાંણા હોય છે. જેમાંથી વધારે પરોવીને પુડી બાંધવામાં આવે છે અને જેના પર આઘાત કરવાથી તબલાનો સ્વર ઊંચો-નીચો કરવામાં આવે છે.

**(7)** **વાધર :** તબલા પર પુડીને મજબૂત રાખવા માટે ગજરામાંથી જે ચામડાની દોરી પરોવાય છે તેને વાધર કહે છે.

**(8)** **ગટ્ટા :** વાધર અને કોઠીની વચ્ચે જે આઠ લાકડાના નાના ટુકડા હોય છે તેને ગટ્ટા કહે છે. ગટ્ટાને ઉપર-નીચે કરવાથી સ્વરમાં ફેરફાર થાય છે.

**(9)** **ઘર :** ગજરામાં કાંણા પાડીને વાધર બાંધેલી હોય છે તેને ઘર કહેવામાં આવે છે. આવા 16 કાંણા અને 8 ઘર હોય છે.

**(10)** **ઈંઢોણી :** તબલા મૂકવા માટે ઘાસમાંથી બનાવેલ સૂંથિયાને ઈંઢોણી અથવા સૂંથિયા (ઇંડરી) કહે છે, જે પૈંડાના આકારની ગોળ હોય છે. જેના પર તબલા મૂકી વગાડવામાં આવે છે.

**(11)** **બેઠક :** બંને તબલાની નીચે ગોળાકાર ચામડાની, પૈડાં જેવી રિંગ હોય છે. જેમાંથી વાધર પરોવાઈ બીજે છેડે એટલે કે ઉપર ગજરામાંથી લઈને નીચે ખેંચીને આ ગોળાકાર રિંગમાં બાંધી દેવામાં આવે છે તેને બેઠક કહે છે.

**(12)** **હથોડી :** તબલાની હથોડી સ્ટીલ અથવા ધાતુની હોય છે. જેનાથી ધીમે ધીમે ગજરા પર આઘાત કરીને તબલા સૂરમાં મેળવાય છે.




સિતાર



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**પરિચય :** સિતાર તત્ વાદ્યની શ્રેણીમાં આવતું વાદ્ય છે. વર્તમાન સમયમાં સિતાર ખૂબ જ પ્રચલિત વાદ્ય છે. સિતારની શોધ 13મી સદીમાં અલ્લાઉદ્દીન ખિલજીના રાજ્યના દરબારી સંગીતજ્ઞ હઝરત અમીર ખુસરોએ કરી હતી. શરૂઆતમાં આ વાદ્યને 'સહતાર' કહેવામાં આવતું હતું. વર્તમાન સમયમાં આ વાદ્યમાં **ચાર** તાર મુખ્ય છે. સિતાર બે પ્રકારની હોય છે : (1) સાદા સિતાર અને (2) તરપદાર સિતાર. તરપદાર સિતારમાં પડદાની નીચે 11 અને 13 તરપના તાર હોય છે, જે રાગમાં આવતા સ્વરો અનુસાર મેળવવામાં આવે છે.

સિતારના ભાગોનું વિવરણ નીચે પ્રમાણે છે :

**દાંડી :** દાંડી લાકડાંની બનેલી હોય છે. આ લાકડું મુખ્યત્વે સાગ, તૂન અથવા સેવનનું હોય છે.

**ખૂંટી :** તાર મેળવવા માટે ખૂંટીનો ઉપયોગ કરવામાં આવે છે, જે લાકડાંની હોય છે.

**તાર :** સિતારમાં મુખ્ય સાત તાર હોય છે. તરફદાર સિતારમાં 11 કે 13 તાર હોય છે. (મુખ્ય સાત ઉપરાંત)

**તારદાન :** દાંડીના ઉપરના ભાગમાં એક છિદ્રવાળી પટ્ટીમાંથી તાર પસાર થાય છે. તેને તારદાન કહેવામાં આવે છે.

**અટી :** ખૂંટીઓની પાસે દાંડીના ઉપરના ભાગમાં હાથીદાંતની પટ્ટી પરથી તાર પસાર થાય છે. આ પટ્ટીને અટી અથવા મેરૂ કહેવામાં આવે છે.

**પડદા :** સિતારની દાંડી પર સ્વરોના સ્થાન નિશ્ચિત કરવા માટે જર્મન સિલ્વર અથવા પીત્તળની ધાતુના ટુકડા ગોઠવવામાં આવે છે. તેને પડદા અથવા સુન્દરી કહેવામાં આવે છે.

**લવંગ :** સિતારના છઠ્ઠા અને સાતમા તારને ટેકવવા માટે હાથીદાંતના એક નાના ટુકડાને ગોઠવવામાં આવે છે, જેને લવંગ કહેવામાં આવે છે.

**ગળું :** દાંડી અને તુમ્બાને જોડતાં ભાગને ગળું અથવા ગુલુ કહેવામાં આવે છે.

**તુમ્બા :** સિતારના તુમ્બા કડવી દૂધીમાંથી બનાવવામાં આવે છે. આ કડવી દૂધીની ખેતી મહારાષ્ટ્રમાં થાય છે. મહારાષ્ટ્રના તુમ્બા, પાતળા અને વજનમાં ખૂબ જ હલકા હોય છે. તુમ્બા અંદરથી પોલા હોય છે.

**તબલી :** તુમ્બાને ઢાંકવા માટે લાકડાંમાંથી તબલી બનાવવામાં આવે છે. તેને તબકડી પણ કહેવામાં આવે છે.

**ઘોડી :** ઘોડીને ઘુડચ અથવા બ્રિજ (Bridge) પણ કહેવામાં આવે છે. હાથીદાંત અથવા સીસમના લાકડાંમાંથી બનાવેલ આ ઘોડી પર સિતારના તાર ટેકવવામાં આવે છે.

**મણકા :** ઘોડી અને લંગોટ વચ્ચે તારને ચઢાવવા કે ઉતારવા માટે મોતી કે હાથીદાંતના મણકા ગોઠવવામાં આવે છે.

**તારગહન અથવા લંગોટ :** તુમ્બાના નીચેના ભાગમાં લાકડીનો એક નાનો ટુકડો હોય છે. જેને તારગહન અથવા લંગોટ કહેવામાં આવે છે. આમાં તારને ગાંઠ લગાવીને બાંધવામાં આવે છે અને તારનો બીજો છેડો ખૂંટીમાં બાંધવામાં આવે છે.

**મિજરાબ :** સિતાર વગાડવા માટે મિજરાબ (નખલીનો) ઉપયોગ થાય છે, જે લોખંડના તારમાંથી બનાવવામાં આવે છે.

સિતારએ તંતુ વાદ્ય છે. તેમાં ગત વગાડવામાં આવે છે. ગતના મુખ્ય બે પ્રકાર છે : (1) મસીતખાની ગત (2) રજાખાની ગત.

(1) **મસીતખાની ગત :** જે ગતના બોલ વિલંબિત લયમાં વગાડવામાં આવે છે તે મસીતખાની ગત કહેવામાં આવે છે.

(2) **રજાખાની ગત :** આ ગતના બોલ મધ્યલય અથવા દ્રુત લયમાં વગાડવામાં આવે છે. તે ગતને રજાખાની ગત કહેવામાં આવે છે.

## વાયોલિન (બેલા)

વાયોલિન વિતત્ પ્રકારનાં વાદ્યોની શ્રેણીમાં આવતું પ્રચલિત વાદ્ય છે. આમ તો આ વાદ્ય વિદેશી વાદ્ય છે, પરંતુ ઉત્તર હિન્દુસ્તાની તેમજ દક્ષિણ હિન્દુસ્તાની સંગીતની પદ્ધતિઓમાં વાયોલિનનું સ્થાન ઉચ્ચ કક્ષાનું બની ગયું છે. સાથસંગત તેમજ સ્વતંત્ર વાદનમાં વાયોલિનનો ખૂબ જ ઉપયોગ થાય છે. સાથે સાથે ફિલ્મસંગીત, સુગમ સંગીત, લોકસંગીત વગેરેમાં પણ વાયોલિનનો ઉપયોગ થતો જોવા મળે છે. કેટલાક મત અનુસાર વાદ્યને 'બેલા' પણ કહેવાય છે. આ વાદ્યની ઉત્પત્તિ અને આવિષ્કારના વિષયમાં ઘણા મત હોવા છતાં પણ આ વાદ્યને આધુનિક રૂપે સંપૂર્ણપણે વિદેશી વાદ્ય માનવામાં આવે છે.

**વાયોલિનનાં અંગોનું વિવરણ નીચે પ્રમાણે છે :**

**હેડ :** આ ભાગ ફિંગર બોર્ડ સાથે જોડાયેલો હોય છે. આ ભાગમાં ચાવી (ખૂંટી) બેસાડવામાં આવે છે.

**ચાવી :** ચાવીનો ઉપયોગ તારના સ્વરો મેળવવામાં થાય છે.

**નટ :** હેડ અને ફિંગર બોર્ડની વચ્ચે 'નટ' ગોઠવવામાં આવે છે. તેના ઉપરથી તાર પસાર થાય છે.

**ફિંગર બોર્ડ :** આના ઉપર આંગળીઓની મદદથી સ્વરો વગાડી શકાય છે. વાયોલિનમાં ગિટારની જેમ પડદા (Frets) હોતા નથી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**તાર (Strings)** : વાયોલિનમાં ચાર તાર હોય છે.

**નેક (Neck)** : વાયોલિનના ફિંગર બોર્ડ અને બોડીને જોડતા ભાગને 'ગળું' (નેક) કહેવામાં આવે છે.

**બોડી (Body)** : વાયોલિનના મુખ્ય ભાગને બોડી કહેવામાં આવે છે. આ ભાગ અંદરથી પોલો હોવાથી વાયોલિનમાં સ્વરોનું ગુંજન વધારે પ્રમાણમાં ઉત્પન્ન થાય છે.

**સાઉન્ડ હોલ** : બોડીના વચ્ચેના ભાગમાં એક સાઉન્ડ હોલ હોય છે. જેના દ્વારા સ્વરોનું ગુંજન વધી જાય છે.

**બ્રિજ** : બોડી ઉપર બ્રિજ રાખવામાં આવે છે. બ્રિજને ટેલપીસ પાસે ગોઠવવામાં આવે છે. બ્રિજ પરથી તાર પસાર થઈને ચાવી તરફ જાય છે.

**ઍન્ડ પિન** : આ ભાગને ટેલપીસ સાથે જોડવામાં આવે છે.



વાયોલિન


ગજ

**ગજ** : વાયોલિન જેના દ્વારા વગાડવામાં આવે છે તેને ગજ (Bow) કહેવામાં આવે છે. તેના વિભાગ નીચે પ્રમાણે છે :

(1) ગજની લાકડી

(2) વાળ - જે ગજની લાકડીમાં ગોઠવવામાં આવે છે.

(3) સ્ક્રૂ - સ્ક્રૂ દ્વારા વાળ ઢીલા અને ફિટ થઈ શકે છે.

(4) નટ - નટ દ્વારા વાળ સરકાવી શકાય છે.

(5) હેડ - ગજના અંતિમ ભાગને હેડ કહે છે.

વાયોલિનમાં રાગની પ્રસ્તુતિ જ્યારે ગાયકી અંગથી થાય છે ત્યારે તેમાં વિલંબિત તથા મધ્યલય ગત વગાડવામાં આવે છે. સાથે સાથે તેમાં આલાપ તથા વિવિધ પ્રકારની તાનોનો પ્રયોગ કરવામાં આવે છે. સાથે સાથે આ વાદ્યમાં મીંડને બદલે સૂત, કૃંતન મૂર્કી વગેરે વિશેષતાઓનો પણ પ્રયોગ કરવામાં આવે છે.

આ વાદ્યના જાણીતા કલાકારોમાં સ્વ. પંડિત વી. જી. જોગ, પંડિત ડી. કે. દાતાર, શ્રીમતી એન રાજમ્, શ્રી ગજાનનરાવ જોષી, શ્રીધર પારસેકર, શ્રી પી. સુંદરમ્, શ્રી વી. સી. રાનડે અને શ્રી વિભાસ રાનડેનો સમાવેશ થાય છે.

## વાયોલિન મેળવવાની રીત

વાયોલિનમાં કુલ ચાર તાર હોય છે. જે ક્રમશઃ G D A E કહેવાય છે. સા રે ગ મ પ ધ નિ સ્વરોને પાશ્ચાત્ય સંગીત પદ્ધતિ પ્રમાણે ક્રમાનુસાર C D E F G A B કહેવામાં આવે છે. આ તારને મેળવવાના ચાર પ્રકાર મુખ્ય છે :

| | | | | |
|---|---|---|---|---|
| (1) | પ̣ | સા | પ | સાં |
| (2) | સ̣̈ા | પ̣ | સા | પ |
| (3) | મ̣ | સા | પ | રેં |
| (4) | મ̣ | સા | પ | સાં |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### સ્વાધ્યાય

**1. વાયોલિન વાદ્યની સંપૂર્ણ માહિતી વિગતવાર જણાવો.**

**2. ખાલી જગ્યા પૂરો :**

(1) વાયોલિનમાં .......... તાર હોય છે.

(2) વાયોલિન .......... પ્રકારની વાદ્યશ્રેણીમાં આવતું વાદ્ય છે.

(3) વાયોલિન જેના દ્વારા વગાડવામાં આવે છે તેને .......... કહે છે.

(4) વાયોલિન વાદ્યનું ભારતીય નામ ......... છે.

•

## બંસી (વાંસળી)

બંસી સુષિરવાદ્યની શ્રેણીમાં આવતું ભારતનું અતિ પ્રાચીન વાદ્ય છે. ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના અધરોથી લગાવીને આ વાદ્યને અમરત્વ પ્રદાન કર્યું છે.

આજકાલ બંસી ઘણા પ્રકારની જોવા મળે છે, પરંતુ અહીં આપણે છ છિદ્રોવાળી બંસીની જ ચર્ચા કરીશું. જેની ગોઠવણી પાશ્ચાત્ય ઢબ અનુસાર થયેલ છે. જોકે દેશી બંસી પણ ઘણી પ્રચલિત છે, પરંતુ તેને સારા સ્વર જ્ઞાનવાળા જ ઓળખી શકે છે કે તેની ટ્યૂન ઠીક છે કે નહિ. ઘણા કલાકારો વાંસની બંસી પોતાના માટે જાતે જ બનાવી લે છે. પરંતુ બધા માટે તે શક્ય નથી. આથી છ છિદ્રોવાળી બંસીનું વિવરણ અહીં કરવામાં આવ્યું છે. બંસી એ સ્વતંત્ર - વાદન ઉપરાંત ફિલ્મસંગીત, ભક્તિસંગીત, લોકસંગીતમાં પણ ઉપયોગમાં લેવાય છે.

બંસી એ ગાયકી અંગથી વગાડવામાં આવતું વાદ્ય છે. તેથી તેમાં રાગને પ્રસ્તુત કરતી વખતે વિલંબિત ગત તથા મધ્યલય ગત અથવા દ્રુતલય ગત વગાડવામાં આવે છે.

**ઉપયોગ :** સ્વતંત્ર વાદન, ફિલ્મસંગીત, ભક્તિસંગીત, લોકસંગીત, શાસ્ત્રીય સંગીત

**જાણીતા કલાકારો :** સ્વ. પન્નાલાલ ઘોષ, હરિપ્રસાદ ચૌરસિયા, દેવેન્દ્ર મુર્દેશ્વર, રઘુનાથ શેઠ, રોનુ મઝુમદાર




**બંસી**

### વાદ્ય મેળવવાની રીત

બંસી એ સિતાર, સરોદ, વાયોલિન કે દિલરૂબા વગેરેની જેમ તત્-વિતત્ વાદ્યોની શ્રેણીમાં આવતું વાદ્ય નથી. તેથી તેને મેળવવી પડતી નથી, પરંતુ તેમાં સ્વરોની ગોઠવણી અને વગાડવાની રીત જાણવી અત્યંત આવશ્યક છે. તેથી અહીં તેની ચર્ચા કરેલ છે.

સૌપ્રથમ બંસીનાં બધાં જ છિદ્રોને એવી રીતે બંધ કરવામાં આવે છે કે ડાબા હાથની પહેલી, બીજી અને ત્રીજી આંગળીઓ ઉપરનાં છિદ્રો પર અને જમણા હાથની પહેલી, બીજી અને ત્રીજી આંગળીઓ દ્વારા નીચેનાં ત્રણ છિદ્રો બંધ થાય છે. આ છિદ્રોને આંગળીના ટેરવાથી વ્યવસ્થિત રીતે બંધ કરવા જોઈએ. જો આંગળી છિદ્ર પરથી થોડી પણ ખસી જાય તો અવાજ વ્યવસ્થિત નીકળી શકશે નહિ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

બધાં છિદ્રોને ઉપર મુજબ બંધ કર્યા બાદ મુખથી હલકી ફૂંક લગાવવાથી જે સ્વર નીકળશે, તે મંદ્ર સપ્તકનો પંચમ (પ̣) હશે. બાકીના સ્વર એક-એક આંગળી ક્રમાનુસાર ઉઠાવવાથી નીચે મુજબના સ્વરો મળશે :

| | | |
|---|---|---|
| પ̣ | - | બધાં છિદ્રો બંધ કરવાથી |
| ધ̣ | - | નીચેનું એક છિદ્ર ખોલવાથી |
| નિ̣ | - | નીચેનાં બે છિદ્રો ખોલવાથી |
| સા | - | નીચેનાં ત્રણ છિદ્રો ખોલવાથી |
| રે | - | નીચેનાં ચાર છિદ્રો ખોલવાથી |
| ગ | - | નીચેનાં પાંચ છિદ્રો ખોલવાથી |
| મં॑ | - | બધાં છિદ્રો ખોલી નાખવાથી |

આ રીતે છ છિદ્રોથી 'પ̣ ધ̣ નિ̣ સા રે ગ મં॑' આ સાત સ્વર નીકળ્યા. જેમાં મધ્યમ તીવ્ર તથા બાકીના સ્વરો શુદ્ધ છે. મધ્યમને શુદ્ધ બનાવવા માટે ઉપરનું ફક્ત અડધું છિદ્ર કરવું પડે છે તથા બીજા સ્વરોને કોમળ બનાવવા માટે પણ છિદ્રોનો અર્ધ-પ્રયોગ કરવામાં આવે છે.

આ સિવાય આગળના સ્વરો એટલે કે મધ્ય સપ્તકના 'પ ધ નિ' અને તાર સપ્તકના સ્વર વગાડવા માટે પણ આજ ક્રમ રહેશે. ફક્ત ફૂંકનું વજન બદલાશે. ઉદાહરણ તરીકે છિદ્રો બંધ રાખી હલકી ફૂંક મારવાથી મંદ્ર સપ્તકનો પંચમ નીકળે છે. તો ફૂંકનું વજન તે જે પ્રમાણે આગળના સપ્તકના અન્ય સ્વરો પણ ફૂંકના દબાણના આધાર પર જ નીકળશે.

### સ્વાધ્યાય

1. બંસી વિશે વિગતવાર જણાવી તેને વગાડવાની રીત જણાવો.
2. બંસી વાદ્ય પર શાસ્ત્રીય સંગીત વગાડતા કલાકારોની સચિત્ર માહિતી આપો.

•

## હાર્મોનિયમ

હાર્મોનિયમ સુષિર વાદ્યની શ્રેણીમાં આવે છે. હાર્મોનિયમમાં સ્વરોની ઉત્પત્તિ હવા દ્વારા થાય છે. હાર્મોનિયમ પાશ્ચાત્ય વાદ્ય છે, પરંતુ વર્તમાન સમયમાં ભારતમાં પણ તેનો ખૂબ જ બહોળા પ્રમાણમાં પ્રસાર થઈ ગયો છે. હાર્મોનિયમ શાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત, લોકસંગીત, ફિલ્મસંગીત એટલે કે સંગીતમાં સૌથી વિશેષ પ્રમાણમાં સાથ-સંગત કરવામાં ઉપયોગી વાદ્ય છે. કેટલાક કલાકારો હાર્મોનિયમ પર સ્વતંત્ર વાદન કરતાં પણ જોવા મળે છે.



હાર્મોનિયમ (સ્વરપેટી)

હાર્મોનિયમની શોધ સૌપ્રથમ ફ્રાન્સના એલેક્ઝાન્ડર ડેબિન નામના એક વિદ્વાન સંગીતકારે કરી હતી. તે સમયે પિયાનો વગાડવાનો પ્રચાર હતો. પિયાનો પરથી હાર્મોનિયમની શોધ કરી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**રીડ :** હાર્મોનિયમના સ્વરોને 'રીડ' કહેવામાં આવે છે. 'રીડ' ધાતુની પટ્ટીમાંથી બનેલી હોય છે. ધમણ દ્વારા હવા જ્યારે હાર્મોનિયમના અંદરના ભાગમાં જાય છે ત્યારે 'રીડ'માંથી સ્વર ઉત્પન્ન થાય છે.

**ધમણ :** ધમણ દ્વારા હાર્મોનિયમમાં હવા અંદરના ભાગમાં દાખલ થઈ શકે છે. કેટલાક હાર્મોનિયમમાં સિંગલ ધમણ, ડબલ ધમણ કે સાત ધમણ પણ હોય છે.

વર્તમાન સમયમાં ઘણા પ્રકારના હાર્મોનિયમ જોવા મળે છે જે આ પ્રકારે હોય છે :

(1) સિંગલ રીડનું હાર્મોનિયમ (2) ડબલ રીડનું હાર્મોનિમય (3) કપલર હાર્મોનિયમ

(4) સફારી હાર્મોનિયમ (5) સ્કેલ ચેન્જર હાર્મોનિયમ

હાર્મોનિયમનો ઉપયોગ મુખ્યત્વે સાથ-સંગત માટે કરવામાં આવે છે. આ ઉપરાંત તે ગાયકી અંગને અનુસરતું હોવાથી તેમાં વિલંબિતગત તથા મધ્યલય અથવા દ્રુત લયની બંદિશ વગાડવામાં આવે છે. સાથોસાથ તેમાં આલાપ તથા વિવિધ પ્રકારની તાનોનો પ્રયોગ કરવામાં આવે છે. આમ, સ્વતંત્ર વાદન અને સાથ-સંગત બંનેમાં તેનો ઉપયોગ થાય છે.

### વાદ્ય મેળવવાની રીત

હાર્મોનિયમ એ સિતાર, વાયોલિન, સરોદ, દિલરૂબા વગેરેની જેમ તત્-વિતત્ વાદ્યોની શ્રેણીમાં આવતું વાદ્ય નથી. તેથી તેને મેળવવું પડતું નથી. પરંતુ તેમાં સ્વરોની ગોઠવણીને તથા વગાડવાની રીતને જાણવી જરૂરી હોવાથી અહીં તેની ચર્ચા કરેલ છે.

હાર્મોનિયમમાં સ્વરો સમાનાંતરે ગોઠવેલા હોય છે એટલે કે હાર્મોનિયમમાં Equally tempered scale ના આધારે સ્વરોની રચના કરવામાં આવે છે. દા. ત., સા થી કોમળ રે વચ્ચે જેટલું અંતર છે, તેટલું જ અંતર કોમળ રે થી શુદ્ધ રે વચ્ચે હોય છે.

હાર્મોનિયમમાં સાત સફેદ પટ્ટી અને પાંચ કાળી પટ્ટી મળી એક સ્વર સપ્તકમાં બાર સ્વરોની ગોઠવણી કરવામાં આવે છે. સાત સફેદ પટ્ટીમાં પહેલી પટ્ટીથી સા રે ગ મ પ ધ નિ એમ ક્રમાનુસાર સાત શુદ્ધ સ્વરો ગોઠવવામાં આવે છે. તે જ પ્રમાણે પાંચ કાળી પટ્ટીમાં ક્રમાનુસાર કોમળ રિષભ (રે) કોમળ ગંધાર(ગ) તીવ્ર મધ્યમ (મં), કોમળ ધૈવત (ધ) અને કોમળ નિષાદ (નિ) આમ, પાંચ વિકૃત સ્વરો ગોઠવવામાં આવે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કાળી પટ્ટી : | રે | ગ | મં | ધ | નિ | | |
| | 1 | 2 | 3 | 4 | 5 | | |
| સફેદ પટ્ટી : | સા | રે | ગ | મ | પ | ધ | નિ |
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |

આમ કોઈ પણ પટ્ટીને 'સા' માનીને સ્વરો નીચે પ્રમાણે ક્રમમાં મળે છે :

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | રે | રે | ગ | ગ | મ | મં | પ | ધ | ધ | નિ | નિ | સાં |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 1 |

હાર્મોનિયમ વગાડતી વખતે પ્રથમ બે આંગળી અને અંગૂઠાનો વિશેષ પ્રયોગ કરવામાં આવે છે.

**ઉદાહરણ :** 'કાળી ૪'(ચાર) ના સ્વરને 'સા' માનીને શુદ્ધ સ્વરો વગાડતા હોય તો તે સ્વરો નીચે પ્રમાણે મળે છે :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સા | રે | ગ | મ | પ | ધ | નિ | સાં |
| 1 | 2 | 0 | 1 | 2 | 0 | 1 | 2 |
| સાં | નિ | ધ | પ | મ | ગ | રે | સા |
| 2 | 1 | 0 | 2 | 1 | 0 | 2 | 1 |

0 અંગૂઠો 1 પહેલી - આંગળી 2. બીજી આંગળી

**સ્વાધ્યાય**

**1.** હાર્મોનિયમનો સંપૂર્ણ પરિચય આપી તેની વગાડવાની રીત સમજાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# ગિટાર

સુગમ સંગીતમાં ગિટાર મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. આ એક વિદેશી તંતૂ વાદ્ય છે. ગિટારના બે પ્રકાર છે :

(1) હવાઈન ગિટાર (2) સ્પેનિશ ગિટાર

હવાઈન ગિટાર સ્ટીલના 'રોડ' ને તાર પર રાખી વગાડવામાં આવે છે. જ્યારે સ્પેનિશ ગિટાર પરદા પર આંગળીઓ રાખીને વગાડવામાં આવે છે. આ બંને ગિટારની બનાવટ સરખી જ છે. ગિટારનો એક ત્રીજો પ્રકાર પણ છે જેને ઇલેક્ટ્રિક ગિટાર કહે છે. વિદ્યુતની મદદથી વગાડવામાં આવતું હોવાથી આ ગિટારને અંદરથી પોલું રાખવાની જરૂરિયાત રહેતી નથી. તેથી તે દેખાવમાં હવાઈન અને સ્પેનિશ ગિટારથી અલગ હોય છે. સ્પેનિશ ગિટારનો ઉપયોગ પ્રમાણમાં વધારે જોવા મળતો હોવાથી અહીં તેનું વિવરણ આપવામાં આવ્યું છે. પાશ્ચાત્ય વાદ્ય હોવા છતાં ભારતમાં પણ ગિટારનો ખૂબ જ બહોળા પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે. હવાઈન ગિટાર અને ઇલેક્ટ્રિક ગિટાર પર શાસ્ત્રીય સંગીતના રાગો પણ વગાડવામાં આવે છે. સ્પેનિશ ગિટાર, ફિલ્મસંગીત, સુગમ સંગીતમાં પણ ઉપયોગ કરવામાં આવે છે. આમ, સ્વતંત્રવાદનની સાથે સાથે સ્પેનિશ ગિટાર, સાથ-સંગતમાં પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.




ગિટાર

## ગિટારનાં અંગોનું વિવરણ :

**હેડ** : આ ભાગ ફિંગર બોર્ડ સાથે જોડાયેલો હોય છે. આ ભાગમાં ચાવી બેસાડવામાં આવે છે.

**ચાવી** : ચાવીનો ઉપયોગ તારના સ્વરો મેળવવામાં થાય છે.

**નટ** : હેડ અને ફિંગર બોર્ડની વચ્ચે 'નટ' ગોઠવવામાં આવે છે. તેના પરથી તાર પસાર થાય છે.

**તાર** : ગિટારમાં છ તાર હોય છે.

**નેક** : ગિટારના ફિંગર બોર્ડ અને બોડીને જોડતા ભાગને નેક કહેવામાં આવે છે.

**બોડી** : ગિટારના મુખ્ય ભાગને બોડી કહેવામાં આવે છે. આ ભાગ અંદરથી પોલો હોવાથી સ્વરોનું ગુંજન વધારે પ્રમાણમાં ઉત્પન્ન થાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**સાઉન્ડ હોલ :** બોડીના વચ્ચેના ભાગમાં એક સાઉન્ડ હોલ હોય છે જેના દ્વારા સ્વરોનું ગુંજન વધી જાય છે.

**બ્રિજ :** બોડી ઉપર બ્રિજ રાખવામાં આવે છે. બ્રિજને ટેલપીસ પાસે ગોઠવવામાં આવે છે. બ્રિજ પરથી તાર પસાર થઈને ચાવી તરફ જાય છે.

**ટેલપીસ :** બ્રિજની નીચે બોડીના છેડે ગોઠવવામાં આવે છે. તેમાં તારના છેડાને લગાવવામાં આવે છે.

**ઍન્ડ પિન :** આ ભાગને બોડીના છેડાના ભાગમાં લગાવવામાં આવે છે. ઍન્ડ પિન ટેલપીસ સાથે ફિટ થવામાં અને બેલ્ટ પહેરીને ગિટાર વગાડતી વખતે ખૂબ જ ઉપયોગી નીવડે છે.

**સ્ટ્રોક :** સ્ટ્રોક એક હલકી ધાતુ અથવા પ્લાસ્ટિકમાંથી બનાવવામાં આવે છે. સ્ટ્રોક વડે તાર પર પ્રહાર કરવાથી સ્વર ઉત્પન્ન થાય છે. સ્ટ્રોક જમણા હાથમાં આંગળીઓ દ્વારા પકડવામાં આવે છે.

સ્પેનિશ ગિટાર એ પાશ્ચાત્ય કોર્ડ સિસ્ટમથી વગાડવામાં આવતું વાદ્ય છે. ફિલ્મસંગીત, સુગમ સંગીતમાં કોર્ડ સિસ્ટમથી ગિટાર વગાડવામાં આવે છે. જેનાથી ગાયકને ખૂબ જ મદદ મળે છે.

હવાઈન તથા ઇલેક્ટ્રિક ગિટાર તંતકારી અંગથી વગાડવામાં આવતું વાદ્ય છે. તેથી તેમાં મસીતખાની ગત, રજાખાની ગત વગાડવામાં આવે છે.

ગિટારમાં શરૂઆતમાં આલાપ, જોડ-આલાપ, ઝાલા, મસીતખાની ગત, રજાખાની ગત અને અંતમાં ઝાલા એમ ક્રમાનુસાર રાગની રજૂઆત કરવામાં આવે છે. સાથે સાથે તેમાં ઘસીટ, જમજમાં, કૃંતન, ખટકા, મુર્કી વગેરે વિશેષતાઓનો પ્રયોગ કરવામાં આવે છે.

બ્રીજભૂષણલાલ કાબ્રા, વિશ્વમોહન ભટ્ટ વગેરે આ વાદ્યના જાણીતા કલાકાર છે.

## વાદ્ય મેળવવાની રીત

સ્પેનિશ ગિટારમાં છ તાર હોય છે જે ક્રમાનુસાર નીચે મુજબના સ્વરોમાં મેળવવામાં આવે છે :

| | | | |
|---|---|---|---|
| (1) તાર સપ્તકનો ષડ્જ | (સાં) | (2) મધ્ય સપ્તકનો પંચમ | (પ) |
| (3) મધ્ય સપ્તકનો ષડ્જ | (સા) | (4) મંદ્ર સપ્તકનો પંચમ | (પ઼) |
| (5) મંદ્ર સપ્તકનો ષડ્જ | (સ઼ા) | (6) અતિમંદ્ર સપ્તકનો પંચમ | (પ઼઼) |

### સ્વાધ્યાય

**1. ગિટારનો સંપૂર્ણ પરિચય આપો.**

**2. નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :**

(1) ગિટાર તત્ વાદ્ય છે.

(2) વિદ્યુતની મદદથી ચાલતા ગિટારને ઇલેક્ટ્રિક ગિટાર કહે છે.

(3) ગિટાર મિજરાબ દ્વારા વગાડવામાં આવે છે.

(4) ચાવીનો ઉપયોગ તારના સ્વરો મેળવવા માટે થાય છે.

(5) ગિટારમાં કુલ સાત તાર હોય છે.

*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(1) શાસ્ત્રીય વાદ્ય અને તેના વાદ્યકારો :**



સિતાર : તત્-વિતત્ વાદ્ય
(તાર વાદ્ય)



**પંડિત રવિશંકર**
પ્રખ્યાત 'સિતાર' વાદક તથા
'ભારતરત્ન' ઍવોર્ડ મેળવનાર



વાયોલિન : તત્-વિતત્ વાદ્ય
(તાર વાદ્ય)



**પંડિત વિષ્ણુ ગોવિંદ જોગ**
પ્રખ્યાત 'વાયોલિન' વાદક તથા
'પદ્મવિભૂષણ' ઍવોર્ડ મેળવનાર



તબલા : અવનધ્ધ વાદ્ય
ચામડા (ચર્મવાદ્ય)



| ચિહ્ન : | 0 | | | | 3 | | | | × |

**સ્વાધ્યાય**

**1. નીચે આપેલા તાલના બોલો ઉપરથી તાલનાં નામ જણાવો :**

(1) ધાતીંના ........ (2) ધાગે નતી ........

(3) ધાતીંતીંતા ....... (4) નક ધીન .......

(5) ધાધીંના ........ (6) ધાધીંધીંધા ........

**2. કૌંસમાં આપેલ જવાબોમાંથી સાચા જવાબ નીચે લીટી દોરો :**

(1) છ માત્રાવાળો તાલ (કહરવા, દાદરા)

(2) નવમી માત્રા ઉપર ખાલી હોય તે તાલ (કહરવા, ત્રિતાલ)

(3) પાંચમી માત્રા ઉપર ખાલીવાળો તાલ કયો છે ? (કહરવા, દાદરા)

(4) ત્રણ માત્રાના કુલ બે ખંડવાળો તાલ (દાદરા, ત્રિતાલ)

(5) કયા તાલમાં ચાર ખંડ છે. (ત્રિતાલ, કહરવા)

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 4 વિવિધ ગીતો (ક્રિયાત્મક)

**પ્રસ્તાવના**

બાળક જનનીના હાથે પારણામાં ઝૂલતાં ઝૂલતાં, ફળિયામાં, રમતા રમતાં, પા...પા...પગલી પાડતા કે, પાટી લઈ શિક્ષણની દુનિયામાં જ્યારે પગરવ માંડે છે ત્યારે શાળામાં ગવાતાં પ્રાર્થનાગીતો, ધૂન, ભક્તિગીતો, ઉત્સવગીતો, શૌર્યગીતો, દેશભક્તિગીતો અને કુદરતની સાથે તાદાત્મ્ય મેળવી સંસ્કૃતિના વારસાને જાળવી રાખતાં ગીતોનું તાલીમબદ્ધ શિક્ષણ મેળવે છે. શ્રવણ કરે છે ત્યારે પોતાનામાં પડી રહેલી સુષુપ્ત શક્તિને જાગ્રત કરવાનું અને ખીલવવાનું કાર્ય થાય છે.

સંગીત વિના આ સૃષ્ટિનું અસ્તિત્વ શક્ય નથી. વિદ્યાર્થી શાળાકક્ષાએ પોતાની આંતરશક્તિને રજૂ કરે એ આ એકમનો હેતુ છે.

## મંગલમ્

નાહં વસામિ વૈકુંઠે યોગિનાં હૃદયે ન ચ ।
મદ્‌ભક્તા યત્ર ગાયન્તિ તત્ર તિષ્ઠામિ નારદ ॥ 1 ॥
ૐ સહના વવતુ । સહ નૌ ભુનક્તુ । સહવીર્યં
કરવાવહૈ । તેજ સ્વિના વધીતમસ્તુ । મા વિદ્વિષાવહૈ
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥ 2 ॥
ૐકારં બિન્દુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ॥ 3 ॥

### (ભાવાનુવાદ)

1. ઈશ્વર કહે છે - હે નારદ ! હું વૈકુંઠમાં રહેતો નથી. યોગીઓના હૃદયમાં પણ નહિ, પરંતુ મારા ભક્તો જ્યાં ગુણગાન કરે છે ત્યાં હું રહું છું.
2. અમારા બેનું સાથે રક્ષણ કરો. અમને બેને સાથે જમાડો. અમે બંને સાથે પરાક્રમ કરીએ. અમારા બેનો અભ્યાસ તેજસ્વી બનો. અમે બે (ક્યારેય પરસ્પર) દ્વેષ ન કરીએ.
   ૐ શાન્તિ હો ! શાન્તિ હો ! શાન્તિ હો !
3. જેને : 'ૐ કાર બિન્દુ સંયુક્ત છે. યોગીજનો જેનું નિત્ય ધ્યાન ધરે છે. જે ઇચ્છાપૂર્ણ કરનારું છે. જે મોક્ષ આપનારું છે. તે ૐ કારયુક્ત સંજ્ઞાઓને નમન કરું છું.

## સરસ્વતી સ્તુતિ

યા કુન્દેન્દુ - તુષાર - હાર - ધવલા
યા શુભ્ર - વસ્ત્રાવૃતા
યા વીણા - વરદણ્ડ મણ્ડિતકરા
યા શ્વેત પદ્માસના ।
યા બ્રહ્માડચ્યુત-શંકર પ્રભુતિભિ
દેવૈ સદા વન્દિતા
સા માં પાતુ સરસ્વતી ભગવતી
નિઃ શેષ જાડ્યાપહા ।
પૂર્ણ ચંદ્ર સમી કાંતિ, દૂધ શાં વસ્ત્ર ઉજળાં,
હાથમાં શોભતી વીણા, આસન શ્વેત પદ્મનાં,
બ્રહ્મા - વિષ્ણુ - મહેશાદિ, દેવો યે કરતા સ્તુતિ,
દેવી સરસ્વતી વંદુ, વિદ્યા વાણી પ્રદાયિની



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ગુરુ સ્તુતિ

ગુરુબ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગુરુદેવો મહેશ્વર ।
ગુરુઃસાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરુવે નમઃ ॥ 1 ॥
અજ્ઞાન તિમિરાન્ધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતિં યેન તસ્મૈ શ્રીગુરુવે નમઃ ॥ 2 ॥

1. ગુરુ એ જ બ્રહ્મા છે ગુરુ એ જ વિષ્ણુ છે. ગુરુ એ જ મહાદેવ છે. ગુરુ સાક્ષાત પરબ્રહ્મ સ્વરૂપ છે. તે શ્રીગુરુને હું નમસ્કાર કરું છું.
2. અજ્ઞાનરૂપી અંધકારથી અંધ બનેલા મનુષ્યનું ચક્ષુ જ્ઞાનરૂપી અંજનની સળી વડે જેમણે ચક્ષુ ખોલી આપ્યું તે સદ્‌ગુરુને નમસ્કાર હો.

*

## હે જગત્રાતા

**રાગ : ભૈરવી** **તાલ-કહરવા**

हे जगत्राता विश्व-विधाता, हे सुखशांति-निकेतन हे !
प्रेम के सिंधु, दीन के बंधु, दु:ख-दारिद्र-विनाशन हे !
नित्य-अखंड-अनंत-अनादि, पूरण ब्रह्म सनातन हे ! हे जगत्राता...!
जग-आश्रय जग-पति जग-वंदन, अनुपम-अलख-निरंजन हे !
प्राण-सखा त्रिभुवन-प्रतिपालक, जीवन के अवलंबन हे ! हे जगत्राता...!

*

## હે મન ! હે મન !

હે મન હે મન નિતનિત ગાતા રહીએ... (2)
નિત નિત નૃત્યત રહીએ... હે મન હે મન
આંખ મીંચીને એકરૂપ થઈ હરિનામ લઈએ... (2)
હૃદય આનંદે ગીત પરમનાં...(2) નિત નિત ગાતા રહીએ
હે મન ! નિત આનંદે રહીએ... હે મન હે મન...
આનંદ રૂપ છે કૃષ્ણનામ એ, શ્યામનામ લઈ લઈએ... (2)
મન રોમાંચિત ગીત અમૂલાં... (2) નિત નિત ગાતા રહીએ
હે મન નિત હસતા રહીએ હે મન હે મન...
સ્મિતનો સાગર, હરિકૃપા છે... (2) નિત નિત દેતા રહીએ
પરમસુખ આ પ્રેમની ગંગા... (2), નિત નિત ખોબો ધરિએ
અંતર તમ આનંદ વિભોરે... (2) નિત નિત ગાતા રહીએ
હે મન નિત સતસંગે રહીએ
નિત નિત નૃત્યત રહીએ... હે મન હે મન...(2)

કવિ : શ્રી રમેશ પટેલ "પ્રેમોર્મિ"

*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## અંતરની વીણાના તારો

અંતરની વીણાના તારો, તુંહી તુંહી ગાય
એક વગાડું તોય જાણે, શત્ શત્ વાગી જાય
આરોહે અવરોહે એ તો, એક વિલંબી ગાય
તુંહી તુંહી નાદ જગાવો, દશ દશ ગુંજી જાય
આ હૃદયમાં હો ઉજીયારા, સરગમ એજ સુણાય
તાલ તાલમાં 'તુંહી બજતાં, મનડું ડોલી જાય
તાર તારમાં તુંહી તુંહી, 'સોહમ ગુંજી જાય
રોમ રોમમાં દિવા પ્રગટે, રોમ જ્યોતીત થાય

**કવિ : શ્રી રમેશ પટેલ "પ્રેમોર્મિ"**

*

## પ્રેમળ જ્યોતિ

**રાગ : માંડ** **તાલ - દાદરા**

પ્રેમળ જ્યોતિ તારો દાખવી
મુજ જીવન - પંથ ઉજાળ
દૂર પડ્યો નિજ ધામથી હું, ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સુઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,
મારો જીવન-પંથ ઉજાળ
ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ દૂર નજર છો ન જાય,
દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય.
આજ લગી રહ્યો ગર્વમાં હું, ને માગી મદદ ન લગાર,
આપ-બળે માર્ગ-જોઈને ચાલવા, હામ ધરી મૂઢ બાળ,
હવે માંગુ તુજ આધાર

**કવિ : શ્રી નરસિંહરાવ દિવેટિયા**

*

## હે શારદે મા

**તાલ - દાદરા**

હે શારદે મા... હે શારદે મા...
અજ્ઞાનતાસે હમેં તાર દે મા, હમમેં તાર દેમા... હે શારદે મા...
તૂં સ્વર કી દેવી યે સંગીત તુજસે, હર શબ્દ તેરા મા, હર ગીત તુજસે,
હમ હૈ અકેલે માં, હમ હૈ અધૂરે, તેરી શરન મેં **હમે પ્યાર દે મા,**
હે શારદે મા...

મુનિયોંને સમજી, ગુનિયોને જાની, વેંદોંકી ભાષા પુરાનોકી બાની,
હમ હી તો સમજે મા, હમ હી તો જાને, વિદ્યાકા હમકો **અધિકાર દે મા,**
હે શારદેમા...

તૂ શ્વેતવર્ણી કમલ, પે બિરાજે, હાથોં મેં વીણા મુકુટ સર પે સાજે,
હમકો અંધેરોં સે નિકાલ દે મા, હમકો ઉજાલોં કા **સંસાર દે મા,**
હે શારદે મા...



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## રામ કહો રહેમાન કહો

**તાલ : કહરવા**

રામ કહો રહેમાન કહો કોઉ, કહાન કહો મહાદેવ રી;
પારસનાથ કહો કોઉ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી. રામ. ૧

ભાજનભેદ કહાવત નાના, એક મૃત્તિકા રૂપ રી;
તૈસેં ખંડ કલ્પનારોપિત, આપ અખંડ સ્વરૂપ રી. રામ. ૨

નિજ પદ રમે રામ સો કહિયેં, રહિમ કરે રહિમાન રી;
કરષે કરમ કાન સો કહિયે, મહાદેવ નિરવાણ રી. રામ. ૩

પરસેં રૂષ પારસ સો કહિયે, બ્રહ્મ ચીન્હે સો બ્રહ્મ રી;
ઈહ વિધ સાધો આપ 'આનંદઘન, ચેતનમય નિઃકર્મ રી. રામ. ૪

**કવિ : શ્રી આનંદઘનજી**

*

## પગ મને ધોવા દો રઘુરાય

**તાલ : દીપચંદી**

પગ મને ધોવા દો રઘુરાય, પ્રભુ મને શક પડ્યો મનમાંય
પગ મને ધોવા દો રઘુરાયજી...

1. રામ, લક્ષ્મણ, જાનકી એ તીર ગંગાને જાયજી
   નાવ માગી નીર તરવા, ગુહ બોલ્યો ગમ ખાઈ — પગ મને...
2. રજ તમારી કામણગારી, નાવ નારી થઈ જાયજી,
   તો અમારી રંક જનની આજીવિકા ટળી જાય — પગ મને...
3. જોઈ ચતુરતા ભીલ જનની જાનકી મુસકાયજી
   અભણ કેવું યાદ રાખે, ભણેલ ભૂલી જાય... — પગ મને...
4. આ જગતમાં દીનદયાળુ ગરજ કેવી ગણાય જી
   ઊભા રાખી આપને પછી પગ પખાળી જાય — પગ મને..
5. નાવડીમાં બાવડી ઝાલી, રામની ભીલરાયજી
   પાર ઉતારી પૂછીયું તમે શું લેશો ઉતરાઈ — પગ મને...
6. નાયીની કદી નાયી લે નઈ, આપણે ધંધા ભાઈજી
   કાગ લ્યે નહિ ખારવાની ખારવો ઉતરાઈ — પગ મને...

**કવિ : શ્રી દુલા ભાયા કાગ**

*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## વૈષ્ણવ જન તો તેને રે કહીયે

**રાગ : ખમાજ** **તાલ : કહરવા**

વૈષ્ણવ જન તો તેને રે કહીયે જે
પીડ પરાઈ જાણે રે
પર દુઃખે ઉપકાર કરે તો યે
મન અભિમાન ન આણે રે...

1. સકળ લોકમાં સહુને વંદે
નિંદા ન કરે કેની રે
વાચ કાછ મન નિશ્ચલ રાખે
ધન ધન જનની તેની રે... વૈષ્ણવ જન

2. સમદૃષ્ટિ ને તૃષ્ણા ત્યાગી
પર સ્ત્રી જેને માત રે
જીહ્વા થકી અસત્ય ન બોલે
પરધન નવઝાલે હાથ રે... વૈષ્ણવ જન...

3. મોહમાયા વ્યાપે નહીં જેને
દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે
રામ નામ શું તાળી રે લાગી
સકળ તીરથ તેના તનમાં રે... વૈષ્ણવ જન...

4. વણલોભીને કપટ રહીત છે
કામ, ક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈયો તેનું દરશન કરતાં
કુળ ઈકોતેર તાર્યા રે... વૈષ્ણવ જન...

**કવિ : શ્રી નરસિંહ મહેતા**

*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## આટલો સંદેશો મારા ગુરુજીને

રાગ : સારંગ
તાલ : દિપચંદી

આટલો સંદેશો મારા ગુરુજીને (પ્રભુજીને) કે જો રે (2)
એ... સેવકના હૃદયમાં રેજોજી. આ.
- કાયાનું દેવળ અમને લાગે છે કાચું રે (2)
એ... તેની ભલામણ અમને દેજોજી. આ.
- કાયા પડશે ને હંસો ક્યાં જઈ સમાશે રે (2)
એ ... તે ઘર બતલાવી અમને દેજોજી. આ.
અમને ને તમને વાલા તમને ને અમને રે (2)
એ... જનમો જનમ પ્રીતિ રહેજોજી. આ.
બ્રહ્મસ્વરૂપ મારી નજરૂંમાં આવે રે (2)
એ... દર્શન દેદાર અમને દેજોજી. આ.
મળાયું ન હોય તેને માફામાફ કેજો રે (2)
એ... શાન્તિ-સંદેશો મારો દેજોજી. આ.
બે કર જોડી દાસ 'અંબારામ બોલ્યા રે (2)
એ... મુક્તિનો મારગ અમને કેજોજી. આ.

*

## મેરૂ તો ડગે પણ જેના

રાગ : ભૂપાલી
તાલ : કહરવા

મેરૂ તો ડગે પણ જેનાં મન નવ ડગે,
મર ને ભાંગી તો પડે બ્રહ્માંડજી
વિપત્તિ પડે તો યે, વણસે નહીં ને,
સોઈ હરિજનનાં પરમાણજી... મેરૂ.
ચિત્તની તો વૃત્તિ જેની સદાય જ
નિર્મળ ને કોઈની કરે નહિ આશજી
દાન દેવે પણ, રહેવે અજાચીને,
રાખે વચનમાં વિશ્વાસ રે... મેરૂ.
હરખ ને શોકની જેને નવ આવે હેડકી,
ને આઠે પહોર રે વે આનંદેજી
નિત્ય ઝીલે રે સત્સંગમાં
ને રે તોડે મોહમાયા કેરા ફંદ રે... મેરૂ.
તન-મન-ધન જેણે ગુરૂજી ને અર્પ્યા,
તે નામ-નિજારી નર ને નારજી
એકાંતે બેસીને આરાધ માંડે,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તો અલખ પધારે એને દ્વાર રે... મેરૂ.
સંગત કરો, તો તમે એવાની કરજો,
જે ભજનમાં રહેવે ભરપૂર રે,
ગંગાસતી એમ બોલિયા,
જેણે નેણે તે વરસે ઝાઝાં નૂર રે... મેરૂ.

- ગંગાસતી

*

## છંદ

1. અષાઢ ઉચારમ્ મેઘ મલારમ્ બનીબહારમ્ જલધારમ્
દાદુર ડકારમ્ મયૂર પૂકારમ્ તડિતા તારમ્ વિસ્તારમ્
નાલહીં સંભારમ્ પ્યાસ અપારમ્ નંદ કુમારમ્ નીરખ્યારી
કહે રાધે પ્યારી, મૈં બલીહારી, ગોકુળ આવો ગિરધારી...
2. રિદ્ધિ દે સિદ્ધિ દે અષ્ટ નવ નિધિ દે, વંશમેં વૃદ્ધિ દે બાકબાની,
હૃદયમેં જ્ઞાન દે, ચિતમેં ધ્યાન દે, અભય વરદાન દે શંભુ રાની...
તુ દુઃખકો દૂર કર, સુખ ભરપૂર કર, આશ સંપૂર્ણ કર દાસ જાની
સજ્જન સો હિતદે, કુટુંબ કો પ્રિત દે, જંગમેં જીત દે મા ભવાની...
3. તવ રૂમક ઝુમક, ઝાંઝર ઝમ ઝણકત, ઝણકત તાલ મધુર સુરા,
તવ તાતા થૈ થૈ તાલ થમક થન, તાક ધીન તાક ધીન તાલ હુઆ,
તવ નાદ નિનાદ તણા પડછંદા, ગીત પ્રચંડ ઉમંગ બજે,
તવ સિંહ સવારી, ગબ્બરવાળી, જગદંબિકા સાજ સજે રે,
દેવી જગદંબિકા સાજ સજે...
4. તવ ડમક ડમક, દાદુર ડવ ડમકત, ગહેકત મોર મલ્હાર ગીરા
તવ પિયુ પિયુ શબ્દ પુકારત ચાતક, પિયુ પિયુ કોકિલ કંઠ ગીરા
તવ ડણક ડણક વનરાજ હી ડણકત, છણકત સિંહણ કામ છજે,
તવ રુમઝુમ રુમઝુમ બરસત બરખા, ઘરર ઘરર ઘનઘોર ગાજે...

*

## રેણકી છંદ

સર સર પર સધર અમર તર અનુસર કરકર વરધર મેલ કરે;
હરિહર સુર અવર અછર અતિ મનહર ભરભર અતિ ઉર હરખ ભરેઃ
નિરખત નર પ્રવર પ્રવર ગણ નીજકર નીકર મુકટ શીર સવર નમેઃ
ઘણરવપદ ફરર ઘરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે... રંગ ભર. 1
ઝણણણણ ઝણણ ખણણ પદ ઝાંઝર ગોમધણણ ગણણણ ગયણે,
તણણણણ બજ તંત ઠણણ ટંકારવ રણણણ સુર ધણણણ રયણે.
ત્રહ ત્રહ અતિ ત્રણણ ધ્રણણ બજ ત્રાંસા ભ્રમણ ભ્રમર વત રમણ ભ્રમેઃ
ઘણરવપદ ફરર ધરર પદ ધૂધર રંગભર સુંદર શ્યામ રમે... રંગભર. 2



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઝટપટ પટ ઉલટ પલટ નટવટ ઝટ લટપટ કટઘટ નિપટ લલે.
કોકટ અતિ ઉકટ ત્રુકટ ગતિ ધીનકટ મન ડર મતલટ લપટ મલેઃ
જમુન તટ પ્રગટ અમર અટરટ જૂટ સુર થટ ખેખટ તેણ સમે,
ધણરવપટ ફરર ધરર ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે... રંગભર. 3

ધમધમ અતિ ધમક ઠમક પદ ઘૂઘર ધમધમ ક્રમ સમ હોત ધરા,
ભ્રમ ભ્રમવતવિષમ પરિશ્રમ વત ભ્રમ ખમખમ દમ અહિ વિક્રમ ખરાઃ
ગમગતિ અતિ અગમ નિગમ ન હત ગમ નટવટ રમઝટ ગત મનમેં
ધણરવપટ ફરર ઘરર ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે...રંગભર. 4

ગતગતપર ઉગત તૂગત નૃત પ્રિયગત રત ઉનમત ચિત વધત રતિ,
તતપર ધ્રત નચત ઉચત મુખ થૈતત આવ્રત અત ઉત ભ્રમત અતિઃ
ધીધીતત ગત બજત મૃદંગ સુર ઉધધત ક્રત ભ્રત નરતત અતંત ક્રમેઃ
ધણરવપટ ફરર ધરર ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે... રંગભર. 5

થનગન તન નચત પવન પ્રચલન થન સુમન ગન ધુન મગન સુરા,
મન મન વર કૃશ્ન પ્રશ્ન ધન તન મન ધન ધન વન ધનન તાસ ધરાઃ
વિસરે તન ભાન ખાન પાન વિધિ ગાન તાન જેહિ કાન ગમે,
ધણરવપટ ફરર ધરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે... રંગભર. 6

ઢલઢલ રંગ પ્રગલ અઢલ જનપર ઢલ ઝલઝલ અણકલ તેજ ઝરે,
ખલખલ ભુજ ચુડ ચપલ અતિ ખલકત કાન કતોહલ પ્રબલ કરેઃ
વલવલ ગલહસ્ત તુમલ ચલ ચિતવલ જુગલ જુગલ પ્રતિરંગ જમે,
ઘણરવપટ ફરર ઘરર ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે... રંગભર. 7

સરવસ વસ મોહ દરસ સુરથીત શશી અરસપરસ ત્રસ ચરસ અતિ,
કસ કસ પટ હુલસ વિલસ ચિત આકશ રસબસ ખુસહસ બરસ રતિઃ
દ્રસ નવરસ સરસ ભયો બ્રહ્માનંદ અનરસ મનસ તરસ અથમે,
ઘણરવપટ ફરર ધરર પદ ઘૂઘર રંગભર સુંદર શ્યામ રમે... રંગભર. 8

*

## મોર બની થનગનાટ કરે

**શબ્દ-રચના :** **કવિવરશ્રી રવીન્દ્રનાથ ટાગોર**

**અનુવાદક :** **કવિવરશ્રી ઝવેરચંદ મેઘાણી**

**લોકગીત તાલ :** **ખેમટો**

મોર બની થનગનાટ કરે, મન મોર બની થનગનાટ કરે... (2)
મોર બની થનગનાટ કરે... કરે મન મોર બની થનગનાટ કરે... (2)

(1) બહુ રંગ ઉમંગના પીંછ પસારીને,
બાદલસુ નિજ નૈનન ધારીને, મેઘમલાર ઉચારીને,
આકુલ પ્રાણ કોને કલસાદ કરે... મોર બની થનગનાટ કરે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(2) ધર ધરર ધરર મેઘઘટા, ગગને ગગને ગરજાટ ભરે,
ગુમરી ગુમરી ગરજાટ ભરે, નવધાન ભરી સારી સીમ ઝુલે,
નદીયું નવજોબન ભાન ભૂલે, નવદિન કપોતની પાંખ ખૂલે,
મધરા મધરા મલકાઈને મેઢક, મેહસુ નેહસુ બાત કરે,
ગગને ગગને ગુમરાઈને પાગલ, મેઘ ઘટા ગરજાટ કરે
...મોર બની થનગનાટ કરે

(3) નવમેઘ વણે નીલ આંજણીએ, મારા ઘેઘુર નૈન જગાટ કરે,
મારા લોચનમાં મેદ ઘેન ભરે, વનછાંય તળે હરીયાળી પરે,
મારો આતમ લ્હેર બિછાત કરે, સચરાચર શયામલ ભાત ધરે,
ઓરે, મેઘ અષાઢી લો આજ મોર, દોયે નૈનની લાંજન ધન ભરે,
... મોર બની થનગનાટ કરે

(4) ઓલી કોણ કરી લટ મોકળીયું, ખડી આભ મ્હોલ અટારી પરે
ઊંચી મેઘ મહોલ અટારી પરે, અને ચાકમચૂર બે ઉર પરે,
પચરંગીત બાદલ પાલવડે, કરી આડશ કોણ ઉભેલ અરે,
ઓલી વીજ કરે અજવાસ નવેસર, રાસ લેવા અંકલાશ ચડે,
ઓલી કોણ પયોધર સંધરતી, વિખરેલ લટે ખડી મેલ પરે
...મોર બની થનગનાટ કરે

*

## આલા લીલા વાંસળિયા

**રાગ : કાફી** **તાલ : કહરવા**

આલા લીલા વાંસળીયા રે વઢાવું
એની રે ઉતરાવું રે પ્રભુજીની વાંસળી રે લોલ
આલા લીલા વાસંળિયા રે...(2)

વાંસળીએ કંઈ, હંસ પોપટ ને મોર
વાંસલડી વગાડે રે નંદજીનો લાડકો રે લોલ
આલા લીલા વાંસળિયા રે...(2)

વાંસળીએ કાંઈ ઝૂમકા લટકે ચાર
આંગળીએ અંગૂઠીને અંગૂઠીમાં હીરલા રે લોલ
આલા લીલા વાંસળિયા રે...(2)

આવ્યા આવ્યા ઓતરા દશના મેહ
પાદરડાં-ખેતરડાં રે હરિ કેરાં છલી વળ્યા રે લોલ
આલા લીલા વાંસળિયા રે...(2)

ખેતરિયે કાંઈ ઝૂલી રહ્યા છે મોલ
મોલે મોલે ગૂંથી દીધા પરભુજીએ મોતીડા રે લોલ
આલા લીલા વાંસળિયા રે...(2)

*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## કાનુડો માગ્યો દેને

**તાલ : કહરવા**

કાનુડો માગ્યો દેને જશોદા મૈયા
કાનુડો માગ્યો દે.
આજની રાત અમે રંગભર રમીએ,
પ્રભાતે પાછો માગી લેને જશોદા મૈયા... કાનુડો...
જવતલ અમે એને ઓછો ન કરીએ
ત્રાજવે તોળી લેને જશોદા મૈયા... કાનુડો...
હાથી, ઘોડા, માલખજાના
હાર હૈયાનો લેને જશોદા મૈયા... કાનુડો...
કડલાં ને કાંબી અણવટ વીંછિયા
વેઢ વાંકિયા લેને જશોદા મૈયા... કાનુડો...

*

## ઝૂલણ મોરલી વાગી રે

**લોકગીત :** **તાલ : હીંચ**

ઝૂલણ મોરલી વાગી રે રાજાના કુંવર !
હાલોને જોવા જાયેં રે મોરલી વાગી રે રાજાના કુંવર... ઝૂલણ.
બાંયે બાજુબંધ બેરખા રાજાના કુંવર !
દસે આંગળિયે વેઢ રે મોરલી વાગી રે રાજાના કુંવર- ઝૂલણ.
પગે રાઠોડી મોજડી રાજાના કુંવર !
ચાલે ચટકતી ચાલ્ય રે મોરલી વાગી રે રાજાના કુંવર-ઝૂલણ.
માથે મેવાડા મોળિયા રાજાના કુંવર !
કિનખાબી સુરવાળ રે મોરલી વાગી રે રાજાના કુંવર-ઝૂલણ.
ચડવા તે ઘોડો હંસલો રાજાના કુંવર !
પાતળિયા પલાણ રે મોરલી વાગી રે રાજાના કુંવર-ઝૂલણ.

*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સારે જહાં સે અચ્છા

**રાગઃ પીલુ**

સારે જહાંસે અચ્છા હિન્દોસ્તાં હમારા
હમ બુલબુલ હૈં ઉસકી, વહ ગુલિસ્તાં હમારા... સારે

ગુર્બતમેં હો અગર હમ, રહતા હૈ દિલ વતનમેં
સમજો વહીં હમે ભી, દિલ હો જહાં હમારા... સારે

પર્વત વહ સબસે ઊંચા, હમ સાયા આસમાંકા
વહ સંતરી હમારા, વહ પાસવાં હમારા... સારે

ગોદીમેં ખેલતી હૈં, ઉસકી હજારો નદિયાં,
ગુલશન હૈ જિનકે દમસે, રશ્કે જીના હમારા... સારે

અય આબે રૂદે ગંગા, વહ દિન હૈ યાદ તુજકો
ઉતરા તેરે કિનારે, જબ કારવાં હમારા... સારે

મજહબ નહીં સિખાતા, આપસમેં બૈર રખના,
હિન્દી હૈ હમ વતનમેં, હિન્દોસ્તાં હમારા... સારે

યૂનાનો મિસ્ત્રો રુમા, સબ મિટ ગયે જહાં સે
અબ તક મગર હૈ બાકી, નામોનિશાં હમારા... સારે

કુછ બાત હૈ કિ હસ્તી, મિટતી નહીં હમારી
સદિયોં રહા હૈ દુશ્મન, દૌરે જમાં હમારા... સારે

ઈકબાલ કોઈ મરહમ, અપના નહીં જહાં મેં
માલૂમ ક્યા કિસીકો, દર્દે તિહાઁ હમારા... સારે

- ઈકબાલ

## મનુષ્ય તું બડા મહાન હૈ

**તાલ : દાદરા (ચલતી)**

ધરતી કી શાન તું હૈ પ્રભુ કી સંતાન
તેરી મુઠ્ઠીઓમેં બંધ તૂફાન હૈ રે
મનુષ્ય તું બડા મહાન હૈ ભૂલ મત
મનુષ્ય તું બડા મહાન હૈ
તુ જો ચાહે પર્વત-પહાડો કો ફોડ દે
તુ જો ચાહે નદિયોં કે મુખ કો ભી મોડ દે
તુ જો ચાહે માટી સે અમૃત નીચોડ દે
તુ જો ચાહે ધરતી કો અંબર સે જોડ દે
અમર તેરે પ્રાણ મીલા તુજ કો વરદાન,
તેરી આત્માયે સ્વયં ભગવાન હૈ રે... મનુષ્ય
નયનો મેં જ્વાલ, તેરી ગતિમેં ભૂચાલ
તેરી છાતી મેં છીપા મહાકાલ હૈ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પૃથ્વી કે લાલ તેરા હિમગિરી સા ભાલ
તેરી ભૃકુટીમેં તાંડવા કા તાલ હૈ
નિજ કો તુ જાન જરા શક્તિ પહેચાન તેરી વાણીમેં યુગ કા આહવાન હૈ રે... મનુષ્ય...
ધરતી સા ધીર તુ હૈ અગ્નિ સા વીર
તુ જો ચાહે તો કાલ કો ભી થામ લે
પાપો કા પ્રલય રુકે પશુતા શીશ ઝૂકે
તું જો અગર હિંમત સે કામ લે...
ગુરુ સા મતિમાન પવન સા તું ગતિમાન
તેરી નભ સે ભી ઊંચી ઉડાન હૈ રે... મનુષ્ય...

**કવિ : ભરત વ્યાસ**

*

## ગરવી ગુજરાત

**રાગ : માંડ** **તાલ - કહરવા**

જય ! જય ! ગરવી ગુજરાત !
જય ! જય ! ગરવી ગુજરાત !
દીપે અરૂણ પરભાત
જય ! જય ! ગરવી ગુજરાત !
ધ્વજ પ્રકાશશે ઝળળ કસુંબી પ્રેમ શૌર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમ ભક્તિની રીત
ઊંચી તુજ સુંદર જાત,
જય ! જય ! ગરવી ગુજરાત ! - જય.

ઉત્તરમાં અંબામાત
પૂરવમાં કાળીમાત
છે દક્ષિણ દિશમાં કરન્ત રક્ષા કુંતેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ,
છે સહાયમાં સાક્ષાત્
જય ! જય ! ગરવી ગુજરાત ! - જય.

નદી તાપી નર્મદા જોય
મહી ને બીજી પણ જોય
વળી જોય સુભટના જુદ્ધ રમણને રત્નાકર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો દે આશિષ જયકર;
સંપે સોહે સહુ જાત.
જય ! જય ! ગરવી ગુજરાત ! - જય.

તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસંગ;



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત,
શુભ શકુન દીસે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત;
જન ઘૂમે નર્મદા સાથ.
જય ! જય ! ગરવી ગુજરાત ! - જય.

**- નર્મદાશંકર (વીર નર્મદ)**

*

## ગુજરાત ગૌરવ ગાન ગીત

**રાગ : ભૈરવી** **તાલ : કહરવા**

**સ્થાયી :**

જય સોમનાથ, જય દ્વારકેશ, જય બોલો વિશ્વનાથની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશ ગાથા ગુજરાતની,
આ ગુણવંતી ગુજરાતની જય જય ગરવી ગુજરાતની...
જય સોમનાથ, જય દ્વારકેશ...

**અંતરા : 1**

ભક્ત સુદામા અને કૃષ્ણના મૈત્રી ભાવ ભૂલાય નહિ-(2)
વૈષ્ણવજન તો તેને રે કહીએ નરસૈંયો વિસરાય નહીં, (2)
જય દત્ત દિગંબર ગિરનારી, આ આ આ આ આ
જય દત્ત દિગંબર ગિરનારી, જય મહાવીર દાતારની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશ ગાથા ગુજરાતની,
આ ગુણવંતી ગુજરાતની જય જય ગરવી ગુજરાતની..
જય સોમનાથ, જય દ્વારકેશ...

**અંતરા : 2**

હિન્દુ, મુસ્લિમ, શિખ, પારસી હળી મળી સૌ કાર્યો કરે-(2)
સૃષ્ટિને ખૂણે ખૂણે ગુજરાતી જન વ્યાપાર કરે, -(2)
જય સહજાનંદ, જય જલારામ, આ આ આ આ આ
જય સહજાનંદ, જય જલારામ, જય બોલો કાલીકા માતની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશ ગાથા ગુજરાતની,
આ ગુણવંતી ગુજરાતની જય જય ગરવી ગુજરાતની...
જય સોમનાથ, જય દ્વારકેશ...

**રચયિતા : કવિ શ્રી રમેશ ગુપ્તા**

*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સંતાન સૌ તમારા

**તાલ : દાદરા**

ઓ, હિન્દ દેવભૂમિ
સંતાન સૌ તમારા
કરીએ મળીને વંદન
સ્વીકારજો અમારાં.

હિન્દુ અને મુસલમીન
ઈસાઈ, પારસી, જૈન
દેવી સમાન રીતે
સંતાન સૌ તમારા.

પોષો તમે સહુને
શુભ ખાનપાન બક્ષી
સેવા કરે બને તે
સંતાન સૌ તમારા

રોગી અને નીરોગી
નિર્ધન અને તવંગર
જ્ઞાની અને નિરક્ષર
સંતાન સૌ તમારા.

વાલ્મિકી, વ્યાસ, નાનક
મીરાં, કબીર, તુલસી
અકબર શિવાજી માતા
સંતાન સૌ તમારા.

ચાહો બધા પરસ્પર
રહો બધા પરસ્પર
એ પ્રાર્થના કરે આ
સંતાન સો તમારા

*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## અખંડ ભારતના શિલ્પી : સરદાર

હું ભારતનો ભડસેનાની, સેનાની
હું ભારતનો ભડસેનાની
હું ભારતનો ભડસેનાની
કદમ કદમ સાહસ ઉભરાતું
શોણિતમાં ઊછળે મર્દાની... હું ભારતનો
હું ઝંઝાનો સૂસવાટો છું
હું સાગરનો ઘૂઘવાટો છું
હું પહાડનો પડકારો છું
હું દુશ્મનનો થડકારો છું
હું સ્વતંત્રતાની છું કુરબાની... હું ભારતનો...
હું અચલ હિમાચલ શિલા છું
હું ગંગ તરંગની લીલા છું
હું માનવતાનો ચાહક છું
હું શત્રુદળનો દાહક છું
હું સમરાંગણનો છું અરમાની.. હું ભારતનો
હું ગગન ગરુડની પાંખો છું
હું અંધકારની આંખો છું
હું ખડતલ સફર પ્રવાસી છું
હું દરિયાલાલ ખલાસી છું
હું ત્રિરંગા સઢનો છું સુકાની... હું ભારતનો...

*

## ધ્વજ ગીત

**તાલ : કહરવા**

1. વિજય વિશ્વ તિરંગા પ્યારા
ઝંડા ઊંચા રહે હમારા...
સદા શક્તિ સરસાનેવાલા
પ્રેમ સુધા બરસાનેવાલા
વીરોં કો હરસાનેવાલા
માતૃભૂમિકા તનમન સારા... ઝંડા ઊંચા રહે...

2. શાન ન ઇસકી જાને પાયે
ચાહે જાન ભલે હી જાવે
વિશ્વ વિજય કરકે દિખલાવે
તબ હોવે પ્રણ પૂર્ણ હમારા... ઝંડા ઊંચા રહે...

**શ્યામલાલ ગુપ્ત "પાર્ષદ"**

*



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## રાષ્ટ્રગીત

## વન્દે માતરમ્

રાગ : દેશ

તાલ - કહરવા મધ્યલય

(સ્થાયી)

વન્દે માતરમ્ વન્દે માતરમ્
સુજલાં સુફલાં, મલયજ શીતલામ્
શસ્ય શ્યામલાં માતરમ્ વન્દે...

(અંતરા)

૧. શુભ્ર-જ્યોત્સ્ના પુલકિત-યામિનીમ્
ફુલ્લ - કુસુમિત - દ્રુમદલ - શોભિનીમ્
સુહાસિનીમ્ સુમધુર ભાષિણીમ્
સુખદાં, વરદાં, માતરમ્
વન્દે માતરમ્, વન્દે માતરમ્

**- બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય**

### ભાવાર્થ

માતાને વંદન. જે ભૂમિનું જલ સારું છે. જે ફળોથી પરિપૂર્ણ છે. મલય પવનથી જે શીતલ છે અને ધાન્યનાં ખેતરોથી શ્યામરંગી છે એવી ભૂમિ માતાને વંદન જે દેશની રાત્રી ઊજળી-ચાંદનીથી પ્રકાશિત રહે છે અને જે ખીલેલાં પુષ્પગંધ દ્વારા પ્રફુલ્લિત તથા ગીચ વૃક્ષોથી સુશોભિત છે. એ સુંદર હાસ્યવાળી સુમધુર ભાષી, સુખ આપવાવાળી અને વરદાન આપવાવાળી માતાને વંદન, માતાને વંદન.

**નોંધ :** આ ગીતને સમૂહમાં ગાવામાં 60 થી 65 સેકન્ડ લાગવી જોઈએ.

*

## રાષ્ટ્રગીત

## જનગણમન

રાગ : યમન કલ્યાણ

તાલ - કહરવા દ્રુતલય

જનગણમન અધિનાયક જય હે ભારત ભાગ્ય વિધાતા
પંજાબ, સિન્ધુ, ગુજરાત, મરાઠા, દ્રાવિડ, ઉત્કલ બંગ,
વિન્ધ્ય, હિમાચલ, યમુના, ગંગા, ઉચ્છલ જલધિ તરંગ
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જય ગાથા
જનગણ મંગલદાયક જય હે ભારત ભાગ્ય વિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે.

**- રવીન્દ્રનાથ ટાગોર**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### ભાવાર્થ

હે ભારતના ભાગ્ય વિધાતા ! તું સારાયે જનસમુદાયના હૃદયનો અધિષ્ઠાતા છે. તારું નામ સાંભળતાં પંજાબ, સિન્ધુ, ગુજરાત, મહારાષ્ટ્ર, દ્રાવિડ ઉત્કલ અને બંગાલ વગેરે પ્રદેશોનું હૃદય ઉછળી ઊઠે છે. વિન્ધ્ય અને હિમાલયમાં તારા નામનો પડઘો પડે છે. ગંગા અને યમુનાના પ્રવાહસંગીતમાં તારું નામ ગુંજે છે. હિન્દી મહાસાગરની લહેરો તારા નામનો મંત્રોચ્ચાર કરે છે. આ સૌ તારા શુભ આશિષ માગે છે અને તારું યશોગાન ગાય છે. જનસમુદાયનું કલ્યાણ કરનાર હે ભારત ભાગ્ય વિધાતા ! તારો જય હો ! જય હો ! જય હો !

આ ગીત ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના કોલકાતા ખાતેના અધિવેશનમાં તા. 27 ડિસેમ્બર, 1911ને રોજ સૌપ્રથમ ગવાયું. 1947ના ઑગસ્ટની 14મીની મધરાતે બંધારણસભાના ઐતિહાસિક અધિવેશનમાં પણ આ ગીત ગવાયું હતું. 24 જાન્યુઆરી, 1950માં બંધારણસભાએ એને રાષ્ટ્રગીત તરીકે જાહેર કર્યું.

**નોંધ :** આ ગીતને સમૂહમાં ગાવામાં 48 થી 52 સેકન્ડ લાગવી જોઈએ.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## અભ્યાસક્રમ રાગ આધારિત ફિલ્મીગીતો સમજૂતી માટે

| અનુ.રાગ | ગીત | ફિલ્મ | ગાયક | સંગીતકાર |
|---|---|---|---|---|
| (1) સારંગ | આ લૌટ કે આજા | રાની રૂપમતિ (1947) | મુકેશ | આર. એન. ત્રિપાઠી |
| | સાવન આયે યા ન આયે | દિલ દિયા દર્દ લિયા (1966) | આશા ભોસલે<br>મહમદ રફી | નૌશાદ |
| (2) ખમાજ | આયો કહાં સે ઘનશ્યામ | બુઢ્ઢા મિલ ગયા (1971) | અર્ચના ઉદુપા<br>મન્નાડે | રાહુલ દેવ બર્મન |
| | ઓ સજના<br>બરખાઁ બહાર આયી | પરખ (1960) | લત્તા મંગેશકર | સલિલ ચૌધરી |
| (3) ભીમપલાસી | તુમ મિલે દિલ ખિલે | ક્રિમિનલ (1992) | અલકા યાજ્ઞિક<br>કુમાર સાનુ | એમ. એમ. કીરવાની |
| | કિસ્મત સે તુમ હમકો<br>એરી મૈં તો પ્રેમદીવાની | પુકાર (1999) | અનુરાધા પૌંડવાલ<br>સોનુ નિગમ | એ. આર. રહેમાન |
| (4) કાફી | ગૈરો પે કરમ | આંખે (1968) | લતા મંગેશકર | રવિ |
| | તુમ્હારા પ્યાર ચાહિયે | મનોકામના (1980) | બપ્પી લહેરી | બપ્પી લહેરી |
| (5) યમન | ઈન્હીં લોંગોને | પાકીઝા (1971) | લત્તા મંગેશકર | ગુલામ મોહંમદ |
| | જબ દીપ જલે આના | ચિત્તચોર (1976) | હેમલત્તા<br>કે. જે. યેશુદાસ | રવીન્દ્ર જૈન |
| (6) ભૈરવી | ઈન્સાફ કા મંદિર હૈ યે | અમર (1954) | મહંમદ રફી | નૌશાદ |
| | ઘર આયા મેરા પરદેશી | આવારા (1951) | લત્તા મંગેશકર | શંકર જયકિશન |

• • •



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/12-22/છ, તા. 1-3-2016 –થી મંજૂર

# સંગીત

## (તબલા)

## ધોરણ 9

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈ-બહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારા માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

કિંમત : ₹ 65.00

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382 010

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર
આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**
શ્રી ભૂપેન્દ્રભાઈ શાહ

**લેખન**
શ્રી રમેશ ભટ્ટ
શ્રી શાંતિ જેઠવા
શ્રી મુંજાલ મહેતા
શ્રીમતી શુભાંગી મરાઠે
શ્રી સમ્યક પારેખ

**સમીક્ષા**
શ્રી જિજ્ઞેશ ટિલાવત
શ્રી સંજય મહેતા

**ભાષાશુદ્ધિ**
શ્રીમતી વૈશાલી ધોળકીયા

**સંયોજન**
શ્રી ક્રિષ્ના દવે
વિષય-સંયોજક : અંગ્રેજી

**નિર્માણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**
શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 9, સંગીત (તબલા)** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

| | |
|---|---|
| **એચ.એન.ચાવડા** | **ડૉ. નીતિન પેથાણી** |
| નિયામક | કાર્યવાહક પ્રમુખ |
| તા.01-03-2016 | ગાંધીનગર |

**પ્રથમ આવૃત્તિ : 2016**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી એચ.એન.ચાવડા, નિયામક

**મુદ્રક** :

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે, તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# અનુક્રમણિકા

## વિભાગ 1 : સૈદ્ધાંતિક


| | | |
|---|---|---|
| 1. | તાલોની સંપૂર્ણ માહિતી | 1 |
| 2. | તબલાનાં વિભિન્ન અંગો | 4 |
| 3. | પારિભાષિક શબ્દોની વ્યાખ્યા | 6 |
| 4. | તાલવાદ્યની ઉત્પત્તિ | 9 |
| 5. | ત્રિતાલ વાદન | 10 |
| 6. | પ્રસિદ્ધ તબલાવાદકોનાં નામ અંગે સામાન્ય જ્ઞાન | 13 |
| 7. | જીવન-પરિચય | 14 |


## વિભાગ 2 : ક્રિયાત્મક


| | | |
|---|---|---|
| 1. | તબલાના મુખ્ય દસ વર્ણની વાદનવિધિ | 17 |
| 2. | તાલોની ઠાયલય અને દુગુન લય વગાડવાની પદ્ધતિ | 19 |
| 3. | તાલ-ત્રિતાલનું વાદન | 21 |
| 4. | સુગમ સંગીત ગરબા, ભજન, ગઝલ ગીતપ્રકારોમાં તાલોનો પ્રયોગ | 23 |
| 5. | ગુજરાતના પ્રસિદ્ધ તબલા વાદકો | 25 |


●

Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## શિક્ષકો માટે...

**ધોરણ 9 સંગીતના અભ્યાસક્રમમાં...**

(1) સંગીત કંઠ્ય (ગાયન) અને સ્વરવાદ્યના અભ્યાસક્રમ મુજબ આપેલ છે. જેમાંથી ક્રિયાત્મકના એકમમાં આપેલ કંઠ્યના વિદ્યાર્થીઓને કંઠ્યના (ગાયન) અને સ્વરવાદ્યના વિદ્યાર્થીઓને પોતાના સ્વરવાદ્ય પ્રમાણે ક્રિયાત્મક (પ્રાયોગિક) આ સાથેના અભ્યાસક્રમ મુજબ તૈયારી કરાવવાની રહેશે.

સૈદ્ધાંતિક વિષય કંઠ્ય (ગાયન) અને સ્વરવાદ્યના વિદ્યાર્થીઓ માટે સમાન (એકસરખો) રહેશે.

(2) સંગીત-તબલા અભ્યાસક્રમનું પુસ્તક અલગ રીતે તૈયાર કરવામાં આવ્યું છે. તે પ્રમાણે તાલવાદ્ય (તબલા)ના વિદ્યાર્થીઓને કરાવવાનો રહેશે. જેમાં વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમ મુજબ ક્રિયાત્મક (પ્રાયોગિક) અને સૈદ્ધાંતિક (શાસ્ત્ર)ની તૈયારી કરાવવાની રહેશે.

(3) સંગીત (કંઠ્ય) અને સંગીત (સ્વરવાદ્ય)ના વિદ્યાર્થીઓ માટે લેખિત પરીક્ષા ભાગ 1 રહેશે. જ્યારે સંગીત (તબલા)ના વિદ્યાર્થીઓ માટે ભાગ 2 રહેશે.

(4) પ્રશ્નપત્રમાં ભાગ 1 અને ભાગ 2 છાપવામાં આવશે.

(5) સંગીત કંઠ્ય, સ્વરવાદ્ય અને તબલાના અભ્યાસક્રમનું આયોજન વર્ગ દીઠ (3) 'ત્રણ' તાસ (પિરિયડ)નું છે.

(6) આ પુસ્તકમાં 'વિભાગ 1' સૈદ્ધાંતિક (શાસ્ત્ર)નો જ્યારે 'વિભાગ 2'માં ક્રિયાત્મક (પ્રાયોગિક)નો સમાવેશ કરવામાં આવ્યો છે. કંઠ્ય સંગીતના વિદ્યાર્થીઓને ક્રિયાત્મક (પ્રાયોગિક)માં ગાયનની (ગાવાની) તાલીમ આપવાની રહેશે. જેમાં આ પાઠ્યપુસ્તકમાં આપેલ બંદિશો અને આલાપ-તાન શીખવાડવાના રહેશે.

જ્યારે સ્વરવાદ્યના વિદ્યાર્થીઓએ તેમણે પસંદ કરેલા સ્વરવાદ્યની તૈયારી કરાવવાની રહેશે.

સ્વરવાદ્યના વિદ્યાર્થીઓએ નીચેના સ્વરવાદ્યમાંથી ગમે તે એક સ્વરવાદ્યનો વિકલ્પ પસંદ કરવો જેવાં કે,

(1) હાર્મોનિયમ (2) વાંસળી (3) સિતાર (4) સરોદ (5) વાયોલિન (6) દિલરૂબા (7) ગિટાર (8) મેન્ડોલિન

આ સ્વરવાદ્યોમાંથી ગમે તે એક સ્વરવાદ્યમાં પાઠ્યપુસ્તક આધારિત ગતની તૈયાર કરાવવાની રહેશે.

(7) આધુનિક સાધનોથી સજ્જ એવા અલગ સંગીત વર્ગની જોગવાઈ હોવી ઇચ્છનીય છે. સંગીતના આધુનિક ઉપયોગી ઇલેક્ટ્રોનિક ઉપકરણો જેવાં કે, સ્વરપેટી, તાનપુરો, તાલયંત્ર, ડીવીડી પ્લેયર, માઇક્રોફોન, કી-બોર્ડ, રેકોર્ડિંગ સિસ્ટિમ, સીડી તેમજ વિવિધ તાલને લગતાં ઉપકરણો સંગીત માટે આધુનિક સંગીત વિષયક લાઇબ્રેરીને અલાયદા વર્ગખંડની ભારતીય બેઠક સહિતની વ્યવસ્થા હોવી જરૂરી છે.

(8) વિદ્યાર્થી ભવિષ્યમાં રંગમંચના સ્થાન તરફ દૃષ્ટિ કેળવીને તેઓનો આત્મવિશ્વાસ કેળવાય તે રીતે પ્રોત્સાહિત કરી, રિયાઝ દ્વારા નૈસર્ગિક મધુર કંઠ કેળવાય. સ્વર, રાગ, તાલનું જ્ઞાન મેળવી વિદ્યાર્થી રંગમંચનું સ્થાન મેળવે, તે આ પાઠ્યપુસ્તકનો ઉદ્દેશ છે.

(9) વિદ્યાર્થી સંગીતની રસચેતનાનો અનુભવ કરે, આનંદ માણે, કદર કરે, તે ઉપરાંત લોકસંગીતની પરંપરા મુજબના ઢાળ તેમજ સ્પષ્ટ ઉચ્ચારણો અને અવાજ કાઢવાની સાચી ટેવ પડે, શ્વાસોશ્વાસની વૈજ્ઞાનિક દૃષ્ટિ અને બૌદ્ધિક સમજ કેળવાય એ આ પાઠ્યપુસ્તકનો ઉદ્દેશ છે.

વિદ્યાર્થીઓની રચનાત્મક (ક્રિએટિવ) શક્તિઓને હરહંમેશ બિરદાવવી જોઈએ.

(10) ધોરણ 9 તબલા વિષયની સૈધ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા શાળાકક્ષાએ લેવાની રહેશે.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## આ પાઠ્યપુસ્તક વિશે...

શિક્ષણનો અંતિમ ઉદ્દેશ માનવીના જ્ઞાન અને ઉચ્ચતમ ભાવનાઓનો વિકાસ અને સંસ્કારોનું સિંચન કરવાનો છે. તદ્ઉપરાંત, સંગીતમાં તાલ પ્રત્યે અભિરુચિ કેળવાય, સંગીતમાં રસ ઉત્પન્ન થાય તે રીતે શિષ્ટ સંગીતની સમજ ધરાવતા સમાજનું નિર્માણ થાય, તે પણ છે.

સંગીત વિદ્યામાં તાલ એ સંગીતનો પ્રાણ છે. તાલ એ ગાયન, વાદન અને નૃત્યની સર્જનાત્મક કલાને જીવંત બનાવી કલાકારની રંગમંચ પ્રસ્તુતિની સુંદરતામાં વધારો કરે અને રસજ્ઞ શ્રોતાઓના ચિત્તને પ્રસન્નતાથી ભરી દઈ આનંદ આપે એવી તાલની સજાવટ માટે વિદ્યાર્થી પ્રત્યક્ષ ગુરુ પાસે તાલીમ લઈ તાલના વિવિધ ઠેકા, માત્રા સાથે લયની સમજ સાથસંગત માટે કેળવે તે અત્યંત જરૂરી છે.

તાલ એ ગાયન, વાદન કે નૃત્યની ક્રિયામાં પ્રાણ પૂરી ગીતને ગતિ આપે છે. ભારતીય તાલવાદ્યોમાં ચામડાથી મઢેલા વાદ્યો જેવા કે, પખવાજ, તબલા, ઢોલ, ઢોલક, નાલ વગેરેમાંથી નીકળતો ઘેરો અવાજ ગાયન - વાદનની ક્રિયામાં ભળી જઈ ક્રિયાને નિયંત્રિત કરી, કલાકારની કલ્પના શક્તિમાં વધારો કરી ઉત્સાહ વધારે છે અને શ્રોતાઓના મન-હૃદયને આનંદીત કરે એવું ખાસ વાતાવરણ ઉત્પન્ન કરવાની તાકાત તાલમાં રહેલી છે. વહેતા સમયને લયથી બાંધવો એ તાલ.

ભારતીય સંગીતમાં તાલ એક અને એના સ્વરૂપ અનેક છે. ગાયન, વાદન અને નૃત્યની ક્રિયામાં આંટીઘૂંટીમાં તાલ રચાય છે. તાલ રમે છે અને રમાડે છે. તાલમાં લયકારીનું ગણિત અને સમયના સૂક્ષ્મ ભાગની ગણતરી થાય છે. જે ભારતીય તાલની વિશિષ્ટતા છે. ભારતીય સંગીત સ્વરપ્રધાન છે. જ્યારે વિદેશી સંગીત તાલ પ્રધાન છે.

આ પુસ્તકમાં અવનદ્ધ વાદ્ય - તબલાનો પૂર્ણ પરિચય તથા તે વાદ્યોને કેવી રીતે વગાડવા તેની રીત, તેના વિવિધ ગુણો અને અલગ-અલગ માત્રાઓ અને બોલથી બનતા તાલ કેવી રીતે વાગે તે સરળ શાસ્ત્રીય રીતે સમજાવવામાં આવ્યું છે.

તબલા વાદનને સમજવા માટે લય, તાલ, સમ, ખાલી, કાયદા, ટુકડા, રેલા, પરન વિગેરે પારિભાષિક શબ્દોનો પરિચય ઉદાહરણ સહિત સમજાવવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓ આવી તબલાવાદનની પ્રયોગલક્ષી પ્રવૃત્તિઓ વ્યક્તિગત અને સામૂહિક રીતે કરશે, તેવી અપેક્ષા સહ.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# વિભાગ 1

## 1 તાલોની સંપૂર્ણ માહિતી

**પ્રસ્તાવના**

આ એકમમાં અભ્યાસક્રમમાં આવતા તાલોની માહિતી તેમજ તાલનો પરિચય આપવામાં આવ્યો છે. જેનાથી બાળકોને તાલની સમજ પડે. તાલમાં આવતી માત્રા, વિભાગ, તાલી, ખાલીનું જ્ઞાન મળે, તેમજ તાલને મૂળ લય અને દુગુન લયનું જ્ઞાન થાય તે હેતુ સિદ્ધ કરવાનો પ્રયત્ન કરેલ છે.

### તાલોની સંપૂર્ણ માહિતી

**(1) તાલ - ત્રિતાલ**

માહિતી : માત્રા - 16, વિભાગ-4 તાલી - 1, 5, 13 માત્રા, ખાલી - 9 માત્રા પર

જાતિ - ચતુસ્ત્ર

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધા | ધીં | ધીં | ધા | ધા | ધીં | ધીં | ધા | ધા | તિં | તિં | તા | તા | ધીં | ધીં | ધા | ધા |
| ચિહ્ન | × | | | | 2 | | | | 0 | | | | 3 | | | | × |

**દુગુન લય :**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | | |
| ધાધીં | ધીંધા | ધાધીં | ધીંધા | ધાતીં | તીંતા | તાધીં | ધીંધા | ધાધી | ધીંધા | ધાધીં | ધીંધા | ધાતીં | તીંતા | તાધીં | ધીંધા | ધા |
| × | | | | 2 | | | | 0 | | | | 3 | | | | × |

આ તબલાનો ખૂબ પ્રચલિત તાલ છે. એનો ઉપયોગ વિલંબિત લય, મધ્યલય અને દ્રુતલય. આમ ત્રણે લયમાં થાય છે ગાયન-વાદન અને નૃત્યની સંગતિમાં ઉપયોગી તાલ છે. તેમજ સોલોવાદન (એકલવાદન) પણ આ તાલમાં વધુ કરવામાં આવે છે. આ તાલના બોલ બંધ હોવાથી બંધબાજનો તાલ કહેવામાં આવે છે. આ તાલ તબલા પર વગાડવામાં આવે છે.

**(2) તાલ - દાદરા**

માહિતી : માત્રા-૬ વિભાગ-૨ તાલી ૧ માત્રા પર, ખાલી ૪ માત્રા પર

જાતિ - તિસ્ત્ર, બાજ, બંધબાજ

તાલ - તબલા, બંધબાજ

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધા | ધીં | ના | ધા | તીં | ના | ધા |
| ચિહ્ન | × | | | ○ | | | × |

**દુગુન લય**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધાધીં | નાધા | તીંના | ધાધીં | નાધા | તિંના | ધા |
| ચિહ્ન | × | | | 0 | | | × |

આ તાલનો ઉપયોગ સુગમ સંગીત ગઝલ, ઠુમરી, દાદરા જેવા ઉપશાસ્ત્રીય સંગીતમાં વગાડવામાં આવે છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(3) તાલ - રૂપક**

માહિતી : માત્રા-7, વિભાગ - 3, તાલી-1, 4, 6 માત્રા પર, જાતિ - મિશ્ર બાજ - બંધબાજ

આ તાલનો ઉપયોગ શાસ્ત્રીય સંગીત તેમજ સુગમ સંગીત, ભજન વગેરે પ્રકારમાં થાય છે. આ તાલમાં પહેલી માત્રા પર ખાલીના બોલ હોવાથી ખાલી આપે છે અને પ્રચારમાં પણ લોકો ખાલી આપીને તાલ બોલે છે. બાકી આ તાલમાં ખાલી આવતી નથી. આ તાલ બંધબાજમાં વગાડવામાં આવે છે.

**મૂળ લય**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
| બોલ | તીં | તીં | ના | ધીં | ના | ધીં | ના | તીં |
| ચિહ્ન | ⊗ | | | 2 | | 3 | | ⊗ |

**દુગુન લય**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 1 |
| તીંતીં | નાધીં | નાધીં | નાતીં | તીંના | ધીંના | ધીંના | તીં |
| ⊗ | | | 2 | | 3 | | ⊗ |

**(4) તાલ - કહરવા**

માહિતી : માત્રા-૮, વિભાગ-૨, તાલી ૧ માત્રા પર, ખાલી ૫ માત્રા પર, જાતિ - ચતસ્ત્ર, બાજ - બંધબાજ

આ તાલ ઘણો પ્રચલિત તાલ છે. તેનો ઉપયોગ સુગમ સંગીત, કીર્તન, ભજન, ફિલ્મી સંગીત, નાટ્ય ગીત વગેરેમાં થાય છે.

**મૂળ લય**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
| બોલ | ધા | ગે | ન | તિ | ન | ક | ધી | ન | ધા |
| ચિહ્ન | × | | | | 0 | | | | × |

**દુગુન લય**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
| બોલ | ધાગે | નતિ | નક | ધિન | ધાગે | નતિ | નક | ધિન | ધા |
| ચિહ્ન | × | | | | 0 | | | | × |

**(5) તાલ - હિંચ**

માહિતી : માત્રા- 6, વિભાગ-2 તાલી - 1 માત્રા પર, ખાલી 4 માત્રા પર, જાતિ - તિસ્ત્ર, બાજ - બંધબાજ

આ તાલ ઘણો પ્રચલિત છે. આ તાલનો ઉપયોગ રાસ, ગરબા, ગીતો તથા પ્રાચીન ઢાળનાં ભજનોમાં વધુ ઉપયોગ થાય છે. આ તાલ ઘણો પ્રચલિત તાલ છે. જેને તબલા, ઢોલક, ઢોલ વગેરે વાદ્યો પર વગાડવામાં આવે છે.

**મૂળ લય**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
| બોલ | ધીંડ | નક | ધા | તીંડ | નક | ધા | ધીં |
| ચિહ્ન | × | | | 0 | | | × |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**દુગુન લય**

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| બોલ | ધીંડનક | ધાડતીંડ | નકધાડ | ધીંડનક | ધાડતીંડ | નકધાડ | ધીં |
| ચિહ્ન | × | | | 0 | | | × |

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) તાલ ત્રિતાલની કેટલી માત્રા છે ?

(2) તાલ ત્રિતાલમાં ખાલી કઈ માત્રા પર આવે છે ?

(3) તાલ દાદરાનો ઉપયોગ વધુ કઈ ગાયકીમાં થાય છે ?

(4) તાલ રૂપકમાં કેટલા વિભાગ છે ?

(5) તાલ કહરવાની કેટલી માત્રા છે ?

(6) સુગમ સંગીતમાં કયા તાલનો ઉપયોગ વધુ થાય છે ?

(7) તાલ હિંચનો ઉપયોગ કઈ ગાયકીમાં થાય છે ?

**2. સાચા વિકલ્પ સામે ✓ ની નિશાની ચિહ્ન કરો :**

(1) તાલ ત્રિતાલમાં ખાલી કઈ માત્રા પર આવે છે ?

(અ) ૫ (બ) ૧૩ (ક) ૯ (ડ) ૧

(2) તાલ ત્રિતાલ કયા બાજનો તાલ છે ?

(અ) ખૂલ્લાબાજ (બ) બંધબાજ (ક) નૃત્યબાજ

(3) તાલ દાદરાના કેટલા વિભાગ છે ?

(અ) ચાર (બ) બે (ક) ત્રણ (ડ) એક

(4) તાલ રૂપક કયા બાજમાં વગાડવામાં આવે છે ?

(અ) ખૂલ્લાબાજ (બ) બંધબાજ - -

(5) તાલ કહરવા કઈ ગાયન શૈલીમાં વગાડવામાં આવે છે ?

(અ) શાસ્ત્રીય સંગીત (બ) સુગમ સંગીત (ક) ધ્રુપદગાયન (ડ) ધમારગાયન

(6) તાલ હિંચ કયા વાદ્ય પર વધુ વગાડવામાં આવે છે ?

(અ) પખાવજ (બ) ઢોલ (ક) નાલ (ડ) મૃદંગમ્

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 2 તબલાનાં વિભિન્ન અંગો

**પ્રસ્તાવના**

**વિષ્ણુ નામાનિ પુણ્યાનિ સુસ્વરૈરન્વિતાનિચેત્ ।**
**ભવન્તિ સામ તુભ્યાનિ કીર્તિતાનિ મનીષિભિઃ ॥**

**- સંગીત પારિજાત**

**અર્થાત્** - જે તાલ સાથે સ્વરો મેળવીને ઈશ્વરનું નામ ગાવામાં આવે તે સામગાનની માફક ફળદાયી બને છે.

લય અને તાલ એ સંગીતના પ્રાણ છે. સમગ્ર સૃષ્ટિમાં તે સમાવિષ્ટ છે. સૃષ્ટિનું સંચાલન પણ મૂળ લય અને તાલમાં જ થાય છે. જો લય અને તાલને સૃષ્ટિમાંથી દૂર કરી નાખવામાં આવે તો સમગ્ર સૃષ્ટિનો જ નાશ થઈ જાય.

આમ, તાલનું સંગીતમાં ખૂબ જ મહત્ત્વ છે. ભારતીય તાલવાદ્યોમાં તબલાવાદ્ય વધારે લોકપ્રિયતા ધરાવે છે. તેથી આ એકમ દ્વારા વિદ્યાર્થીઓને સૌપ્રથમ તબલાનાં વિભિન્ન અંગોની સમજૂતી આપવી ખૂબ જ જરૂરી છે. જેમાં તબલાનાં જુદાં જુદાં અંગોની સમજૂતી આપી વિદ્યાર્થીને તેના દરેક અંગોથી માહિતગાર કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. જેમાં તબલાનાં દાયા અને બાયાનાં વિભિન્ન અંગોનું વર્ણન આપવામાં આવ્યું છે. જેના દ્વારા વિદ્યાર્થી સંગીત વિષયથી માહિતગાર બને અને ગાયન, વાદન, નૃત્યના નિયત સિદ્ધાંતોનું પાલન કરી પોતાની કળાને સૌંદર્યસભર બનાવી શકે છે.

**તબલાનાં વિભિન્ન અંગોનું વર્ણન**




આજકાલ ઉત્તર ભારતીય સંગીતમાં ઉપયોગી તાલવાદ્યમાં તબલાવાદ્યનું વિશેષ મહત્ત્વ છે. જેમાં દાયુ તબલું એ સાગ, સીસમ, બીયુ, ખેર, ચંદન, બબુલ જેવાં લાકડાંમાંથી બનાવવામાં આવે છે.

જ્યારે બાયું એ જર્મન, સિલ્વર, માટી અથવા બીજી કોઈ ધાતુમાંથી બનાવવામાં આવે છે. તે જેટલું વજનમાં ભારે હોય છે તેટલું સારું હોય છે. કેટલાક લોકો બાયામાં સીસા, ચંગા તથા જસ્તા વગેરે નાંખીને તેને ભારે કરી દે છે. ફળ સ્વરૂપ તેમાંથી ગુંજ વધારે નીકળે છે અને તે આમતેમ હાલતું નથી.

**(1) પુડી :** તબલા ઉપર જે ચામડાંની ખાલ લાગેલી હોય છે તેને પુડી કહેવામાં આવે છે. સામાન્ય રીતે તે બકરીના ચામડાંમાંથી બનાવવામાં આવે છે. દાયાની પુડી થોડી પાતળી અને બાયાની પુડી થોડી જાડી હોય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**(2) કોઠી :** તબલાની કોઠી લાકડાની અથવા માટીની બનેલી હોય છે. ખાસ કરીને તે લાકડાની હોય છે. તેના પર ચામડાની પુડી બાંધવામાં આવે છે.

**(3) શાહી :** શાહી લોખંડની બનેલી રાળ (ચૂરો) મેળવીને તૈયાર કરવામાં આવે છે. જેનાથી ધ્વનિ નિયંત્રિત થાય છે. તેને દાયાં પર પુડીની વચ્ચેના ભાગ પર અને બાયાં પર પુડીની મધ્યમાં નહિ, પરંતુ સહેજ બાજુ પર લગાવવામાં આવે છે.

**(4) લવ (મેદાન) :** શાહી અને ચાંટ(કિનાર)ના વચ્ચેના ભાગને મેદાન અથવા લવ કહેવામાં આવે છે.

**(5) ચાંટ (કિનાર) :** પુડીની કિનારે ચારે બાજુ અડધા ઇંચ પાતળી પટ્ટી હોય છે જેને કિનાર અથવા ચાંટ કહેવામાં આવે છે. જેના પર આઘાત કરવાથી ધ્વનિ ઉત્પન્ન થાય છે.

**(6) ગજરો :** પુડીની ચારે બાજુ તેના ચામડાને જોડવા માટે ચામડાથી જ ગૂંથાયેલો ગજરો હોય છે જેમાં ૧૬ છિદ્રો હોય છે. તે કાંણામાં વાધર પરોવાય છે. તેના પર હથોડીનો આઘાત કરવાથી તબલાને સ્વરમાં મેળવવામાં આવે છે.

**(7) વાધર :** તબલાની પુડીને મજબૂત રાખવા માટે ગજરામાંથી ચામડાની દોરી પરોવાય છે તેને વાધર કહે છે.

**(8) ગટ્ટા :** વાધર અને કોઠીની વચ્ચે જે આઠ લાકડાના ટુકડા હોય છે તેને ગટ્ટા કહેવામાં આવે છે. ગટ્ઠા પર હથોડીથી આઘાત કરીને તબલા સ્વરમાં મેળવવામાં આવે છે.

**(9) ઈંઢોણી :** તબલા મૂકવા માટે કપડાંમાંથી બનાવેલ સુથિયાને ઈંઢોણી કહે છે. જેના પર તબલા મૂકવાથી વગાડતી વખતે તબલા હલતાં નથી અને અવાજ સારો નીકળે છે.

**(10) હથોડી :** તબલાની હથોડી સ્ટીલ અથવા ધાતુની હોય છે. જેનાથી ગઠ્ઠા ઉપર તેમજ ગજરા પર આઘાત કરીને તબલા સૂરમાં મેળવવામાં આવે છે.

**(11) કુંડી :** સ્ટીલ, તાંબું, માટી અથવા અન્ય ધાતુમાંથી કુંડી બનેલી હોય છે. તેના પર ચામડાની પુડી હોય છે અને તેનો બાયાં તરીકે ઉપયોગ થાય છે.

**સ્વાધ્યાય**

**1. તબલાનાં વિભિન્ન અંગોનું વર્ણન કરી તેના વિશે વિગતવાર સમજાવો.**

**2. ખાલી જગ્યા પૂરો :**

(1) તબલાની કોઠી ...........ની બનેલી હોય છે.

(2) તબલામાં ........... ગટ્ટા હોય છે.

(3) તબલાની પડીની વચ્ચેના કાળા ભાગને ........... કહે છે.

(4) તબલાને સ્વરમાં મેળવવા ...........નો ઉપયોગ થાય છે.

(5) પુડીની ચારેય બાજુને મજબૂત બાંધવા માટે ચામડાંથી ગૂંથાયેલ ...........નો ઉપયોગ થાય છે.

**3. સાચા વિકલ્પ સામે ✓ ની નિશાની કરો :**

(1) તબલા ઉપર જે ચામડું લગાવવામાં આવે છે તેને શું કહેવાય છે ?

(અ) શ્યાહી (બ) ચાંટ (ક) પુડી (ડ) ગજરો

(2) તબલા ઉપર લગાવેલ શ્યાહી શેમાંથી બનેલી હોય છે ?

(અ) લોખંડનો ચુરો (બ) લોટ (ક) માટી (ડ) પથ્થર

(3) તબલાની હથોડી કઈ ધાતુમાંથી બનેલી હોય છે ?

(અ) લાકડાની (બ) સ્ટીલની (ક) પથ્થરની (ડ) કાચની

(4) ગજરામાં કેટલાં છિદ્રો હોય છે ?

(અ) 14 (બ) 12 (ક) 18 (ડ) 16



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 3 પારિભાષિક શબ્દોની વ્યાખ્યા

## પ્રસ્તાવના

ભારતીય સંગીત એ સામવેદ ગ્રંથમાં ઉલ્લેખ પામેલ ગાયન, વાદન અને નૃત્યકળાના નિયત સિદ્ધાંતોને અનુલક્ષી રચવામાં આવેલ શાસ્ત્ર છે. આ સંગીતશાસ્ત્રના આધારભૂત પારિભાષિક શબ્દોની સમજ મેળવવાથી વિદ્યાર્થીમાં પડેલ સુષુપ્ત શક્તિને વેગ મળે છે.

ભારતીય સંગીતના વિદ્વાનોએ પારિભાષિક શબ્દોની ઊંડાણપૂર્વક સમજ સંક્ષિપ્તમાં આપી છે. જેના દ્વારા વિદ્યાર્થી સંગીત વિષયથી માહિતગાર બને અને ગાયન, વાદન, નૃત્યના નિયત સિદ્ધાંતોનું પાલન કરી પોતાની કળાને સૌંદર્યસભર બનાવી શકે છે. સંગીત, સ્વર, નાદ, લય, તાલ, માત્રા, ઠેકા, સમ, તાલી, ખાલી, દુગુન, તિગુન, ચૌગુન, કિસ્મ, કાયદા અને તિહાઈ જેવા શબ્દોની જાણકારી આ એકમથી વિદ્યાર્થી મેળવશે.

## પારિભાષિક શબ્દોની વ્યાખ્યા

